સહજ-સત્સંગ

અંક : ૨૬૬ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ફેબ્રુઆરી - ૨૦૧૧

The Mother's Love

Happy Birthday to You.....
my Sweet Mother.

મા મીરાંબિકા

Leave all care to the Divine's Grace,
including your progress, and you will be in peace.

- The Mother

અવિચળતાની આરાધના

ભાવાનુવાદ

છોડો બધી ચિંતા પ્રભુ-કૃપા પર, પ્રગતિ તમારી પણ તેના જ શિરે,
તો જ શાંતિ હ્રદયે વસે એ, સત્ય મનમાં તું ધરી જ લે.

- શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૫ જૂન ૧૯૧૪)



આવા થવું છે કે તેવા થવું છે એવી ઇચ્છા કરવામાં કયું ડહાપણ રહેલું છે ? તારા અમે વિનમ્ર કરણ બની રહીએ એ શું અમારી ફરજ નથી ? તું જ્યારે એ કરણને થોડા સમય માટે એક બાજુએ મૂકી દે છે ત્યારે..... શું તે ફરિયાદ કરશે ?

અમારે સદાએ જાગૃત રહેવું જોઈએ, નાનામાં નાના પુકારને ધ્યાનમાં લેવો જોઈએ. એટલે પછી તું અમને કર્મ કરવા માટેનો ઈશારો કરે, પછી તે કર્મ ભલે મન વડે કરવાનું હોય, લાગણી વડે કરવાનું હોય કે શરીર વડે કરવાનું હોય ત્યારે અમે સૂતેલાં ન રહી જઈએ.... એમ થાય. તેને... તું અમારી પાસેથી જે માગે છે તે પ્રમાણે અમે કરતાં નથી એટલે તને નાખુશ કરી દઈશું એવા ભય સાથે ભેળસેળ કરી દેવી જોઈએ નહિ.

તારું હૃદય એવું તો પરમ આશ્રય-સ્થાન છે કે તેમાં સર્વ પ્રકારની ચિંતા શાંત થઈ જાય છે.

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ	શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (પ્રભુનો ખોળો)	૧	**સુંદર કથાઓ** (પ્રમાણિક કેદીઓ)	૩૨
'અહીં તે છે'	૪	**ઉત્ક્રાંતિ** (જગતની ઉત્ક્રાંતિનું સ્વરૂપ)	૩૩
ઑરૉવિલની રચના	૫	**આગામી-ભાવિ** (વિતેલું વર્ષ)	૩૮
યોગમાર્ગમાં આવતા જોખમો - ૨	૭	**વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (શરીરની પૂર્ણતાની જરૂરિયાત)	૩૯
માતૃવાણી (જીવનશાસ્ત્ર)	૧૧	**વેદવિજ્ઞાન** (અવચેતનના હુમલામાંથી મુક્તિ)	૪૧
માનવવિકાસ ચક્ર (તર્ક - બુદ્ધિનું કાર્ય)	૧૫	**સાંજના વાર્તાલાપો** (અતિમનસ યોગ માટેની આવશ્યકતાઓ)	૪૩
સાવિત્રી (સાક્ષાત્કારોમાં પ્રજ્ઞા)	૧૭	**શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (પ્રભુનું વિનમ્ર કરણ)	૪૫
યોગ વિષે પત્રો (પ્રાણની વિવિધ કક્ષાઓ)	૨૨	**સંર્વાંગી આરોગ્ય** (કલ્પનાશક્તિ અને વિશ્વાસ)	૪૬
વેદનું રહસ્ય (ભૂમિકા)	૨૫	**કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર**	
ભારતીય સંસ્કૃતિના પાયા (ભારતીય અસ્મિતાનું જાગરણ)	૨૮		
ઉપનિષદોનું અમૃત (બ્રહ્મતત્ત્વ અને દેવો)	૩૧		

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૬૬ વર્ષ : ૨૨
ફેબ્રુઆરી - ૨૦૧૧

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
(કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

પ્રભુનો ખોળો

સમજૂતી - માનસિંહ ચાવડા

માણસ મનબુદ્ધિની મદદથી પોતાના જીવનનો આદર્શ રચે છે અને તે અનુસાર જીવન જીવી તેને વાસ્તવિક કરવા મથે છે. પણ મન અને બુદ્ધિ ભૂતકાળના અનુભવોના આધારે જ આદર્શની રચના કરે છે. માનવ હજી અપૂર્ણ હોવાથી તેના અનુભવો અને તે અનુસાર ઘડાએલા આદર્શો પાછળ ગાંડા થવું યોગ્ય નથી એવું માતાજી જણાવે છે.

પ્રભુ એક જ પૂર્ણ છે, તો તેના ઉપર વિશ્વાસ રાખી તેને જ આપણા જીવન-ઘડતરનું કામ શ્રદ્ધાથી સોંપી દેવું એ જ યોગ્ય ગણાશે. પ્રભુ શા માટે આ તસ્દી લે એવી શંકાને કારણ નથી, કારણ પ્રભુએ જ પોતે આપણી દ્વારા તેના દિવ્ય સ્વરૂપને પ્રગટ કરવાનો નિર્ણય લીધો છે, તેથી તેના એક માધ્યમ બની રહેવું એ જ આપણા માટે એક વિશ્વાસપાત્ર ઉપાય છે. સારાંશ, પ્રભુને સમર્પિતભાવથી જ આપણી સાધના આગળ વધશે એ નિશ્ચિત.

સાધકને પ્રભુ ઘણી વખત આપણી દ્વારા જોરશોરથી સાધના કરતાં અનુભવાય છે, તો ઘણી વખત જાણે પોતે અંતર્ધ્યાન પામી છૂપાઈ ગયા છે એવો સ્થગિતતાનો ગાળો આવે છે. આવા ગાળા આપણી ચેતનાની ઉત્ક્રાંતિ માટે જરૂરી છે. સાધનામાં પ્રગતિના ગાળામાં રચેલી નવી વસ્તુઓને પચાવી સ્થિર કરવા આવો સ્થગિતતાનો ગાળો આવે છે. ઢોર જેમ ચારો ખાધા પછી ઝાડ નીચે બેસી શાંતિથી તે વાગોળીને પચાવતું હોય તેવી આ સ્થિતિ છે. તેથી આવા સ્થગિતતાના તબક્કાની ફરિયાદ ન કરો. શ્રદ્ધાથી ભરપૂર રહીને ચેતનાનું પોતાનું કાર્ય તેને કરવા દો.

આ સ્થગિતતાના ગાળાને ટૂંકાવવાનો માર્ગ પણ છે. જો આપણે તદ્દન સજાગ, સચેતન જાગૃત રહેશું તો ચેતનાનાં સૂક્ષ્મ સૂચનો પકડી પાડીને સાધનાને ફરી જોરશોરથી આગળ વધતી કરી શકાય છે. તે સૂચન કાંઈક વિચાર કરી સમજવાનું હશે અથવા કોઈ દિવ્યભાવ વિકસાવી સ્થાયી કરવાનો હશે અથવા કોઈ સંકલ્પને કર્મદ્વારા પૂર્ણ કરવાનો હશે અર્થાત્ મન, પ્રાણ અથવા શરીર કોઈપણ દ્વારા તે કામ

(પૃ.૩૦ ઉપર)

'અહીં તે છે'

હતી ઝંખી જેને પ્રખર સહરાની તરસથી
અહીં તે છે હાવાં સકલ નભનાં નીર લઈને
ઝૂકેલી આકાશી શત શશી તણાં શૈત્ય લઈને
દ્રવંતી, સૂર્યોનાં સતત તપતાં તેજ લઈને.

બધાં અંધારાંનો કવલ કરતી, વિશ્વ મરુતો
સમી વહેતી સંધાં વન તરુ - તરુને પરસતી,

સ્ફૂરંતી ઉષ્માળા રુધિર હરખી તે નસનસે
સહુ સૌભાગ્યની શિખરિત શિખા જેવી વિલસે,

હવે કહેશું નાનાં સહુય ભૂલકાંને જગતનાં,
અને મોટેરાંને, ગલિત પલિતાંને, વ્યથિતને,
ઉદાસી-આશીને, મતિ-ચક્કરમાં બદ્ધ મનને,
ધસી ઊર્ધ્વે જાતા પ્રબલ તપસીના હૃદયનેઃ

અહીં આવો ઓ સૌ, નિજ નિજ તણાં ભીતર લઈ
તમારે અર્થે હ્યાં અમૃતમયી તે છે અવતરી.

-સુન્દરમ્

માતાજીના જન્મ-દિને એક આર્જવભર્યું આમંત્રણ
- સહજ સત્સંગ પરિવાર

ઑરૉવિલની રચના

૧ ઑરૉવિલ રચવા માટે કોણે આરંભ કર્યો છે ?
‘‘પરમાત્માએ.’’

૨ ઑરૉવિલ માટે નાણાં પૂરાં પાડવામાં કોણ ભાગ ભજવે છે ?
‘‘પરમાત્મા.’’

૩ માણસને ઑરૉવિલમાં રહેવું હોય તો તે માટે તેણે શું કરવુ જોઈએ ?
‘પરમ પૂર્ણતામાં પહોંચવાને પ્રયત્ન કરવો.’

૪ ઑરૉવિલમાં રહેવા માટે માણસે યોગના વિદ્યાર્થી થવુ જ જોઈએ ?
‘આખું જીવન યોગ છે, આ રીતે માણસ પરમ યોગની સાધના કર્યા વિના જીવી શકતો નથી.’

૫ ઑરૉવિલમાં આશ્રમ કયો ભાગ ભજવશે ?
‘પરમાત્મા એણે જે ભાગ ભજવવાનું ઇચ્છશે તે.’

૬ ઑરૉવિલની કૅમ્પિંગની જગાઓ હશે ?
‘બધી વસ્તુઓ જેવી હોવી જોઈએ તે પ્રમાણે છે, તે જ્યારે બનવી જોઈએ તે જ સમયે બને છે.’

૭ ઑરૉવિલમાં કુટુંબ - જીવન ચાલુ રહેશે ?
‘માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.’

૮ ઑરૉવિલમાં માણસ પોતાનો ધર્મ રાખી શકશે ?
‘માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.’

૯ ઑરૉવિલમાં માણસ નાસ્તિક રહી શકે ખરો ?
‘માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.’

૧૦ ઑરૉવિલમાં સામાજિક જીવન રહેશે ?
‘માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.’

૧૧ ઑરૉવિલમાં ફરજિયાત સંઘ પ્રવૃત્તિઓ રહેશે ?
‘કશું જ ફરજિયાત નહિ હોય.’

૧૨ ઑરૉવિલમાં પૈસાની આપલે રહેશે ખરી ?
‘ના, માત્ર બહારના જગત સાથે ઑરૉવિલને પૈસાના સંબંધો રહેશે.’

૧૩ ઑરૉવિલમાં કામ કેવી રીતે ગોઠવાશે અને તેની વહેંચણી કેવી રીતે કરવામાં આવશે?

'એમાં પૈસો ચક્રવર્તી સ્થાને નહિ હોય, સ્થૂલ સંપત્તિ અને સામાજિક દરજ્જાને કારણે ઊભા થતાં મૂલ્ય કરતાં માણસના વ્યક્તિગત મૂલ્યનું મહત્ત્વ વધારે રહેશે. ત્યાં કામ તે પોતાની આજીવિકા મેળવવાના સાધન રૂપે નહિ હોય, કામ એ પોતાની અભિવ્યક્તિના સાધન રૂપે બનશે, તમારી શક્તિઓ અને શક્યતાઓને વિકસાવવાના સાધન રૂપે રહેશે, અને સાથે સાથે તે આખા સમૂહની સેવા રૂપે બનશે. એ સમૂહ પોતાના તરફથી દરેક જણને તેના નિર્વાહની વ્યવસ્થા કરી આપશે અને તેના માટે ક્ષેત્ર ઊભું કરી આપશે.'

(શ્રી માતાજી લિખિત 'એક સ્વપ્ન'માંથી અવતરણ)

૧૪ ઑરૉવિલ નિવાસીઓનો બહારના જગત સાથે શો સંબંધ રહેશે?

'દરેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે. ઑરૉવિલ નિવાસીઓના બહારના જગત સાથેના સંબંધો તેમની અંગત અભીપ્સાઓ અને પ્રવૃત્તિઓ પ્રમાણે ગોઠવાશે.'

(આ ઉત્તર એક સાધકે જણાવેલો અને શ્રી માતાજીએ તેને સંમતિ આપી છે.)

૧૫ ઑરૉવિલની જમીન અને મકાનોના માલિક કોણ હશે?

'પરમાત્મા.'

૧૬ શિક્ષણ માટે કઈ ભાષાઓ વાપરવામાં આવશે?

'જગતની બોલાતી બધી ભાષાઓ.'

(મૂળ ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં કરેલો અનુવાદ શ્રી માતજીએ ૮ મી ઑકટોબર, ૧૯૬૯એ વાંચી સંભળાવવામાં આવેલો અને શ્રી માતાજીએ તેને સુધારેલો તે ઉપરથી)

* ઑરૉવિલ એક નવી ચેતનાને નવી રીતે અને નવી પદ્ધતિઓ મુજબ અભિવ્યક્ત કરતું એક નવું સર્જન બનવા માંગે છે. ૧૮.૮.૬૯

* ઑરૉવિલ જે લોકોને કશી અંગત સંપત્તિ ન હોવાનો આનંદ અને મુક્તિ જાણવાં હશે તે માટેનું આદર્શ સ્થાન છે. - ૧૮.૯.૧૯૬૯

* ઑરૉમૉડેલ એ ઑરૉવિલમાં કેવી રીતે જીવન ગાળવું તે શીખવા માટે બંધાઈ રહ્યું છે.

યોગમાર્ગમાં આવતા જોખમો - ૨

- જ્યોતિબેન થાનકી

મનુષ્ય યોગ સાધનામાં આગળ વધે તેમ તેમ તેની ચેતનાનો સ્તર બદલાતો જાય છે. તે સામાન્ય મનોમય ચેતનામાંથી ઉપર ઊઠીને ઊર્ધ્વચેતનામાં આરોહિત થાય છે. આથી ઊર્ધ્વચેતનાનાં દૃશ્યો તેને ચમત્કારિક લાગવા માંડે છે. ઘણીવાર તે તેનાથી લલચાઈ પણ જાય છે, પરંતુ આધ્યાત્મિક સાધનાના સાધકે માર્ગમાં આવતાં અસંખ્ય પ્રલોભનોની સામે નિર્લેપ રહેવું જોઈએ અને પોતાની દૃષ્ટિ લક્ષ્ય પ્રત્યે જ રાખવી જોઈએ. નહીં તો હિમાલયમાં કેદારેશ્વરના કે અમરનાથના દર્શને જતી વખતે જો હિમાલયનાં સુંદર દૃશ્યોમાં એકરૂપ થતાં થતાં ઉપર ચઢીએ, તો ક્યારે આપણે પણ લપસી જાય અને સીધા ખીણમાં નીચે જઈ પડીએ, તે કહી શકાય નહીં. આવું જ સાધના માર્ગનું પણ છે. એમાં પ્રત્યેક પગલે સાવધાની રાખીને આગળ વધવાનું હોય છે. સહેજ પણ અસાવધ રહ્યાં તો વિરોધી શક્તિઓની આખી ફોજ અંદર દાખલ થઈ જાય છે, કર્યું, કરાવ્યું બધું ધૂળમાં મળી જાય છે. આથી જ શ્રી માતાજી આ યોગમાં સતત સભાનતા રાખવાનું કહે છે.

યોગ દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિઓ :

યોગસાધનામાં મનુષ્ય જેમ જેમ આગળ વધે તેમ તેમ અનેક પ્રકારની સિદ્ધિઓ તેને પ્રાપ્ત થાય છે, કેમ કે તે સૂક્ષ્મ જગતો સાથે સંપર્કમાં આવે છે અને સૂક્ષ્મ જગતની શક્તિઓ તેને સહાય કરવા લાગે છે. આથી સામાન્ય મનુષ્યને અદ્‌ભુત અને ચમત્કારિક લાગતી વસ્તુઓ યોગી માટે સામાન્ય બની જાય છે. પરંતુ આ સિદ્ધિઓ પરમાત્મા સાથે તદ્રૂપ થવામાં ભયાનક આડખીલી રૂપ છે. રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને એક વખત પૂછ્યું હતું કે ''નરેન, માએ મને કેટલીક સિદ્ધિઓ આપી છે, મારે તો એ કશા કામની નથી. પરંતુ તને કામ લાગશે તો હું તને એ સિદ્ધિઓ આપવા ઈચ્છું છું :'' ત્યારે નરેન્દ્રનાથે કહ્યું : ''શું એ સિદ્ધિઓ મને ઈશ્વર પ્રાપ્તિમાં ઉપયોગી થશે ?.'' ના, ઈશ્વરદર્શનમાં એ સિદ્ધિઓ તને ઉપયોગી નહીં થાય. પરંતુ જગદંબાના કાર્ય માટે તું તેનો ઉપયોગ કરી શકીશ.'' ''જો ઈશ્વરપ્રાપ્તિમાં ઉપયોગમાં આવે તેમ ન હોય તો મારે એ સિદ્ધિઓ કશા કામની નથી. પહેલાં મને

ઈશ્વરદર્શન કરી લેવા દો પછી મને ખબર પડશે કે મારે તેની જરૂર છે કે નહીં.'' આમ, કહીને યુવાન નરેન્દ્રે એ સિદ્ધિઓનો અસ્વીકાર કર્યો. તેથી રામકૃષ્ણદેવ અત્યંત પ્રસન્ન થયા હતા. આમ, સિદ્ધિઓ યોગમાર્ગમાં અવશ્ય મળે છે. પણ સાચો સાધક એના પ્રત્યે નિર્લેપ રહે છે, તેની ઉપેક્ષા કરે છે. તો જ તે આગળ વધી શકે છે નહિતર સિદ્ધિઓના મોહમાં તે અટવાય જાય છે.

સિદ્ધિઓની પ્રાપ્તિની મહત્ત્વાકાંક્ષા અત્યંત જોખમી છે :

ઘણાં લોકો સિદ્ધિઓ મેળવવા, અસંખ્ય લોકોને આકર્ષવા, લોકો ઉપર પોતાનો પ્રભાવ પાડવા સાધના કરતા હોય છે. પરંતુ આવી સાધના અત્યંત જોખમકારક છે. શ્રી માતાજી કહે છે કે ''જો તમે આ રીતે અંગત ઉદ્દેશ પાર પાડવા, કેવળ પોતાના માટે જ સાધના કરવા ઈચ્છતા હો તો યોગ અવશ્ય જોખમકારક બને છે. તમે જો મહત્ત્વાકાંક્ષાને દૂર ન કરી શકો તો સાધનાને અડકશો જ નહીં. એ તો અગ્નિ છે, બાળી નાંખશે.'' પરંતુ જો પૂરેપૂરું શદ્ધિકરણ ન થયું હોય તો સાધનામાં આગળ વધતાં મહત્વાકાંક્ષા જાગૃત થઈ જાય છે. મહાત્મા બનવાની, અસંખ્ય લોકો દ્વારા પૂજાવાની ઈચ્છાઓ જાગૃત થઈ જાય છે. આ ઈચ્છાઓ તેને નીચે ઘસડી જાય છે. શ્રી માતાજી કહે છે કે ''આધ્યાત્મિક મહત્ત્વાકાંક્ષા સહુથી વધારે જોખમકારક છે. '' સાધનાના માર્ગમાં આગળ વધતા, સિદ્ધિઓ મળતાં આવી મહત્ત્વાકાંક્ષાને પોષણ મળે છે. આથી ઘણાં સાધકો સાધનાના માર્ગમાં જ સિદ્ધિઓનું પ્રદર્શન કરવા લાગે છે. આ સંદર્ભમાં શ્રી માતાજીએ આશ્રમના સાધકોને વાર્તાલાપ દરમિયાન એક ઉદાહરણ આપ્યું હતું : એક યોગીમહાત્મા પાસે રહીને ઘણાં શિષ્યો સાધના કરતાં હતાં. એક વખત શિષ્યોને થયું કે અમારા ગુરુ તો સિદ્ધયોગી છે પણ તેમણે ક્યારેય કોઈ સિદ્ધિ બતાવી નથી, તો ખરેખર તેમની પાસે સિદ્ધિઓ છે કે નહીં ? પછી બધાએ ભેગા મળી નક્કી કર્યું કે આપણે ગુરુદેવને વિનંતી કરીએ કે અમારી શ્રદ્ધા વધે અને તેથી અમારી સાધનાને વેગ મળે, એ માટે આપ અમને કોઈ ચમત્કારિક સિદ્ધિ બતાવો અને તે પ્રમાણે તેઓએ ભેગા મળીને ગુરુને કહ્યું. ગુરુ જાણતા હતા કે ક્યારેય સિદ્ધિનું પ્રદર્શન કરવું જોઈએ નહીં. તેથી પ્રથમ તો તેઓએ શિષ્યોની વાતનો ઈન્કાર કરી દીધો. પણ તેમની અવચેતનમાં ક્યાંક મહત્ત્વાકાંક્ષાનું સૂક્ષ્મ એવું બીજ પડ્યું હશે તો તે ધીમે રહીને સળવળ્યું કે મારે ક્યાં સિદ્ધિઓનું પ્રદર્શન કરવું છે, કે કોઈ ઉપયોગ કરવો છે ? પણ જો શિષ્યોએ ઈચ્છા કરી છે, અને જો એથી અમની શ્રદ્ધા વધતી હોય અને તેથી તેઓની સાધનામાં સહાય મળતી હોય તો જરા બતાવી દેવામાં કંઈ વાંધો

નથી. એમ વિચારીને એમણે બપોરના સમયે શિષ્યોને હાજર રહેવા કહ્યું. તેમની ભોજનની થાળી ટેબલ પર મૂકેલી હતી. શિષ્યોને કહ્યું, ''નીચેથી ટેબલ ઊઠાવી લો.'' શિષ્યોએ કહ્યું : ''તો તો થાળી પડી જશે અને આપનું ભોજન નીચે વેરાઈ જશે.'' ''પણ હું કહું છું કે ટેબલ ઊઠાવી લો અને જુઓ શું થાય છે તે.'' શિષ્યોએ ટેબલ ઊપાડી લીધું અને તેઓના આશ્ચર્ય વચ્ચે થાળી એમ ને એમ અદ્ધર જ રહી ! શિષ્યો તો ગુરુની આ સિદ્ધિને જોઈ જ રહ્યા અને આશ્ચર્યથી આ દૃશ્યને નિહાળતા સ્તબ્ધ બની ગયા ! પણ એવામાં એકાએક ગુરુને ભાન થયું કે એમણે સિદ્ધિનું આ પ્રદર્શન કર્યું, ભારે ખોટું કૃત્ય એમનાથી થઈ ગયું ! એ જ ક્ષણે ગુરુએ દોટ મૂકી અને જંગલમાં ભાગી ગયા. તે પછી પાછા તેમના આશ્રમમાં આવ્યા જ નહીં !'' આમ અવચેતનમાં પડેલું વાસનાનું સૂક્ષ્મ બીજ પણ આધ્યાત્મિક સાધનામાં જોખમરૂપ બની શકે છે. એક જ ક્ષણમાં સાધકને મોહક જાળમાં ફસાવી દે છે. આથી જ શ્રી અરવિન્દ કહે છે કે ''મિથ્યાભિમાન, મહત્ત્વાકાંક્ષા અને અહંકાર જો તમારા માર્ગમાં આડે આવતાં હોય તો તેને તમારામાંથી દૂર ફેંકી દો. આ વસ્તુઓ પોતે દૂર થાય એની રાહ જોવાથી કંઈ તમે એને દૂર નહીં કરી શકો.''

સાધના દરમિયાન થતી દિવ્ય અનુભૂતિઓ :

યોગસાધનામાં આગળ વધતાં સાધકને દિવ્ય અનુભૂતિઓ થાય એ સ્વાભાવિક છે, પરંતુ ઘણી વખત સાધક આ અનુભૂતિઓમાં અટવાય જાય છે; તો તેનો આધ્યાત્મિક વિકાસ રુંધાઈ જાય છે. જેમ જેમ સૂક્ષ્મ જગતોમાં માણસ આગળ વધે છે, તેમ તેમ તેને અનેક પ્રકારનાં દિવ્ય દૃશ્યો, પ્રકાશિત રંગો અને ઘણી આંતરિક અનુભૂતિઓ થતી રહે છે. એ વખતે સાધકે પૂરી સમતા અને સ્વસ્થતા જાળવવી પડે છે. ઘણી વખત દિવ્યદર્શનો થતાં મનુષ્ય ઉન્માદિત બની જાય છે. આ અંગે સાવચેત કરતાં શ્રી માતાજી કહે છે કે ''માણસે પોતાન અનુભૂતિઓ કરતાં પણ વધારે બળવાન બનવું જોઈએ. અનુભૂતિ ગમે તેટલી મહાન હોય તો પણ તેણે તમારા ઉપર પ્રભાવ પાડવો ન જોઈએ કે તે તમારા સમગ્ર અસ્તિત્ત્વનું નિયમન કરે.''

તો પછી દિવ્ય અનુભૂતિઓ પ્રત્યે આપણું વલણ કેવું હોવું જોઈએ ?

શ્રી માતાજી આ વિષે માર્ગદર્શન આપતાં કહે છે કે, ''તમારા કરતાં વધારે શક્તિશાળી ચેતનાના સંપર્કમાં તમે આવો, ત્યારે એ શક્તિ કે ચેતનાના પ્રભાવ હેઠળ આવી જવાને બદલે હજારો અનુભૂતિઓમાંની આ એક છે અને તમે એના કરતાં પણ હજુ વધારે સુંદર અનુભૂતિઓ પ્રાપ્ત કરી શકો છો એમ માનવું. તમારે તે પ્રાપ્ત કરવી

જોઈએ. મગજ ગુમાવ્યા વગર માણસે અનુભૂતિઓને વિકાસની કડીઓમાં યોગ્ય સ્થાને મૂકવી જોઈએ.'' આ રીતે અનુભૂતિઓ ગમે તેટલી મહાન અને આકર્ષક હોય તો પણ એનાથી અંજાયા વગર સાધકે એનાથી વધારે મહાન અનુભૂતિ આવી રહી છે, એમ માનીને આગળ વધવું જોઈએ.

દિવ્ય અનુભૂતિઓ અન્યને જણાવવાની ઈચ્છા :

પ્રારંભમાં સાધકને સાધના દરમિયાન થયેલી અનુભૂતિઓ કે દિવ્યદર્શનોની વાત બીજાઓને જણાવવાની ઈચ્છા થતી રહે છે, પરંતુ શ્રી માતાજી કહે છે કે, પોતાની આંતરિક અનુભૂતિઓ સાચે સાચી હોય તો પણ બીજાઓને જણાવવી ન જોઈએ. દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિઓ બીજાંઓને જણાવવાથી એક તો બીજાંઓ તે સમજી ન શકવાને પરિણામે, સાધકના માર્ગમાં અવરોધરૂપ બને છે. બીજું, જો સાધકની પોતાની સંપૂર્ણ સચ્ચાઈ ન હોય તો તેનામાં સૂક્ષ્મ રીતે અભિમાન આવી જાય છે કે ''બીજાં કરતાં પોતે મહાન છે.'' તે ઉપરાંત ઘણીવાર તે પોતાની અનુભૂતિઓને ન હોય તે કરતાં વધારે મહાન બનાવીને વર્ણવે છે. આ સાધનામાં મોટામાં મોટું ભયસ્થાન છે. પોતે હોય તેના કરતાં વધારે ઊંચી કોટિના સાધક તરીકે બીજાંઓ આગળ પોતાની જાતને દેખાડવાની વૃત્તિ એ દંભ છે. આવી વૃત્તિ સામે સાવચેત કરતાં શ્રી માતાજી કહે છે કે, ''પોતાની આંતરિક તપસ્યા બાબતમાં સાધક ડોળ કરે એના જેવી નુકસાનકારક વસ્તુ બીજી એકે ય નથી. એથી કદાચ દુનિયામાં તમે વાસ્તવમાં ન હો તેવા મહાપુરુષ તરીકે ખપી શકશો. કારણ કે સામાન્ય માણસો સહેલાઈથી છેતરાઈ જાય છે, એટલે ત્યાં તમને મુશ્કેલ નહીં પડે. પણ આધ્યાત્મિક જગતમાં તમારે માણસો સાથે કામ પાર પાડવાનું નથી, ત્યાં તમારે પ્રભુ સાથે કામ પાર પાડવાનું હોય છે, ત્યાં તમે આવા છો કે તેવા તે ડોળ કરી શકતા નથી; કારણ કે તમે પોતે તમને પોતાને જાણતા હો છો એ કરતાં ભગવાન તમને વધુ જાણતા હોય છે. તમે કોણ છો, કેવા છો, તેની તેમને બરાબર ખબર હોય છે.'' સાધનામાં સરળતા અને સચ્ચાઈ જો હોય તો આ બધાં પ્રકારનાં જોખમો અને ભયોમાંથી ઊગરી જવાય છે.

Sponsorship

This issue is sponsered by

RAVINDRA & TARLIKA PATEL OF U.S.A.

માતૃવાણી

- શ્રી માતાજી

જીવનશાસ્ત્ર

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૫૮-૬૬)

રૂપાંતર કરવાની રીત

પ્રકરણ - ૪

૧ જીવનમાં અમુક વસ્તુઓની જરૂર તો રહે જ છે..... તો એ વસ્તુઓ, કામના વચ્ચે લાવ્યા વિના જરૂરની છે એ કેવી રીતે સમજવું ?..... વસ્તુ અંગે તમારામાં કશુંક નાનું એવું પણ તીવ્ર આંદોલન જાગે તો તમારે ખાતરી રાખવી કે એમાં કામના રહેલી હશે. પૃ.૫૯

૨ પ્રાણ એ એક સરસ કામ કરનાર છે..... પરંતુ કામ કરવામાં એ પોતાની અંગત તૃપ્તિને પણ ખોળતો હોય છે. પૃ. ૬૦

૩ ભૌતિક મન છે, જેને પ્રાણ સાથે ખૂબ ખૂબ સારી એવી મિત્રતા હોય છે. પૃ. ૬૦

૪ જે લોકો ખરેખર સત્યનિષ્ઠ છે..... તેઓ આ કટોકટીઓને પ્રગતિના સાધનમાં ફેરવી લઈ શકે છે. પૃ. ૬૨

૫ તમારે ભાગે આવેલો ભાગ છોડી ન દેશો કારણ કે તમને મળેલો એ ભાગ ઘણો મહાન છે. પૃ. ૬૩

૬ કોઈપણ જાતના વિવેક વિના તે (શરીર) આ માલિકો, પ્રાણ અને મનની આજ્ઞાઓનું અંધ બનીને પાલન કરતું રહે છે. પૃ. ૬૩

૭ એને (શરીરને) આ અત્યાચારમાંથી મુક્ત કરવું જોઈએ અને તે આપણી અંદર રહેલા ચિત્પુરુષના કેન્દ્ર સાથે અખંડ અનુસંધાન દ્વારા જ થઈ શકે છે. પૃ. ૬૩

૮ આવી રીતે સુદૃઢ અને સમતોલ બનેલ જીવનની અંદર એક નવીન સંવાદિતાનો આવિર્ભાવ થશે અને એ...... ઊર્ધ્વ પ્રદેશમાં આવેલી સંવાદિતા જ..... એક સંપૂર્ણ પ્રમાણબદ્ધતા મેળવી આપશે..... આદર્શ

સૌંદર્ય રચી આપશે. પૃ. ૬૪

૯ શરીર આવી કોઈ વધ્યે જતી સંવાદિતાની રીતે કામ કરતું બનશે ત્યારે તેનામાં રૂપાંતરની એક સતત ચાલુ રહેનારી પ્રક્રિયાનો આરંભ થઈ જશે. પૃ. ૬૬

૧૦ આ વસ્તુ સિદ્ધ થતાં અત્યારે જગતમાં મૃત્યુનું જે અફર જેવું શાસન છે તેને ટકી રહેવા માટે કોઈ કારણ રહેશે નહિ. સત્યનાં ચાર તત્ત્વો આપણી અંદર આપોઆપ જ પોતાનું પ્રાગટ્ય કરશે..... ચિત્પુરુષ સાચા અને વિશુદ્ધ પ્રેમનું, જ્ઞાનનું વાહક બનશે. પ્રાણ એક અજેય બલ અને શક્તિને આવિર્ભાવ આપશે અને શરીર એક પૂર્ણ સૌંદર્યનું અને પૂર્ણ સંવાદિતાનું પ્રગટ રૂપ બનશે. પૃ. ૬૬

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી નવેમ્બર ૧૯૫૦ના બુલેટિનમાંના પોતાના ''જીવનશાસ્ત્ર' આ લેખના અંશ વાંચે છે :

આપણામાં રહેલ પ્રાણતત્ત્વ ભાવના, કામના, વાસનાનું કેન્દ્ર છે. તેમાં ભરપૂર ક્રિયા-શક્તિ રહેલ છે. તેને કામના ન કરવાની તાલીમ આપવી અઘરી છે. તે એક લાંબી સાધના છે. ધીરજ માંગી લે છે. સત્યનિષ્ઠા વગર તે શક્ય નથી. નહીં તો પ્રાણ છેતરશે.

મૂળભૂત પ્રશ્ન એ છે કે જીવન ટકાવવા જરૂરી વસ્તુઓની કામના કરવી કે નહિ અથવા કામના વગર જીવન-જરૂરી વસ્તુઓ કેવી રીતે મેળવી ને વાપરવી. કામનાનો અભાવ ચકાસવાની એક પદ્ધતિ છે. તેમાં તમે મનને પ્રશ્ન પૂછવાનો છે : તે વસ્તુ ન મળે તો શું થાય ? જો જવાબ મળે કે તેના વગર ચાલે જ નહિ તો ત્યાં કામનાની હાજરી સમજવી પણ જવાબ એવો મળે કે તો ચલાવી લઈશ તો સમજો ત્યાં કામના નથી. પણ આ જવાબ સત્યનિષ્ઠાથી આપવો જરૂરી છે.

માતાજી આગળ વાંચે છે : 'પ્રાણતત્ત્વ જો સહકાર આપે તો પછી કોઈ સિદ્ધિ અશક્ય નહિ લાગે. કોઈપણ રૂપાંતર અશક્ય નહિ લાગે.'

પ્રાણતત્ત્વ પોતાની શક્તિ વિષે પૂરેપૂરો સભાન હોય છે પણ શક્તિ વાપરવાની દિશા કે ઉદ્દેશ બાબતમાં અજાણ હોય છે, તેથી તેની પાસેથી સહકાર મેળવવો મુશ્કેલ હોય છે.

મુશ્કેલી એ હોય છે કે તેની અપેક્ષા હોય છે કે તેને તે કાર્યમાંથી અંગત તૃપ્તિ મળવી જ જોઈએ, સંતોષ મળવો જ જોઈએ અને તે પણ તત્કાળ. તે જો ન મળે તો રિસાઈને નિષ્ક્રિય બની જાય છે. તેથી આપણને નિરુત્સાહ, થાક, કંટાળો, બોજો લાગવા માંડે છે.

પ્રાણતત્ત્વ સાથે ભૌતિક મનની ગાઢ મૈત્રી છે તેથી પ્રાણ સાથે જ ભૌતિક મન પણ ઉપરની પ્રતિક્રિયાઓ જણાવવા માંડે છે. પણ આ દોસ્તીનો ઉપયોગ આપણે પ્રાણને મનાવવામાં કરી શકીએ છીએ. હઠયોગીઓ શરીરમાં ઉત્સાહ નિર્માણ કરીને પ્રાણને મજબૂત કરે જ છે.

બીજું, પ્રાણ ખોટા રવાડે અથવા ખોટી દિશામાં જતો હોય તો તેને પ્રથમથી જ પાછો વાળી લો. સમયસર નહિ વાળો તો તે જક્કી બનીને તમને મુશ્કેલી સર્જશે.

શારીરિક મન અને પ્રાણે જ કદાચ આ ભૌતિક-જીવનમાં સમાધાન ન મળવાથી સ્વર્ગની શોધ કરેલી છે.

ઘણી વખત શારીરિક મન અને પ્રાણ પોતાની કામના ન સંતોષાઈ માટે કોઈ વ્યક્તિને જવાબદાર લેખે છે અને પછી તેને હેરાન કરવાની દુષ્ટતા આચરે છે. આ તેની મૂર્ખાઈ જ હોય છે. શુભેચ્છા આ મૂર્ખાઈમાંથી બચાવી શકે છે.

માતાજી આગળ વાંચે છે :

જેમણે ચૈત્યપુરુષ સાથે સંપર્ક સાધેલો હોય છે તેઓ અભીપ્સાને જ્વલંત રાખી શકે છે અને પોતાના આદર્શ બાબત સભાન રહી શકે છે. આવા લોકોનાં જીવનમાં શારીરિક મન અને પ્રાણની આ જોડી લાંબો વખત ઉત્પાત મચાવી શકતી નથી. પણ તેમની સાથે તોફાની બાળકની જેમ ધીરજથી અને યુક્તિથી કામ લેવું પડે છે. તેને સત્ય અને પ્રકાશ માટે પ્રેરણા આપીને તેની શુભ-વૃત્તિને જાગૃત કરી શકાય છે.

સાધનાની કટોકટીને પ્રગતિમાં ફેરવવાની યુક્તિ ઉપર મુજબની છે. કટોકટીને પ્રગતિનું સોપાન બનાવી શકાય છે. તમે ફક્ત પ્રાણની ઉદ્દંડતા અને મિથ્યાભિમાનને પકડી પાડો. તેના અવિવેક અને ઉચ્છૃંખલતા ઉપર વિવેકનો ડામ આપો. તેને પ્રગતિનો માર્ગ બતાવી પ્રોત્સાહિત કરો, તો તે પ્રગતિમાં મદદરૂપ થશે.

માતાજી આગળ વાંચે છે :

''પ્રગતિ ધીમી કે સ્ખલનશીલ હોય છતાં પોતાના સંકલ્પને હિંમતથી ટકાવી રાખવાનો દરેક પ્રયત્ન અંતે તેને વિજય અચૂક અપાવશે. ત્યારે ઋત્-ચેતનાના પ્રકાશમાં બધી જ મુશ્કેલીઓ ઓગળી જશે. છેલ્લે, સ્પષ્ટ દૃષ્ટિવાળી શારીરિક કેળવણી દ્વારા શરીરને બળવાન અને મુલાયમ બનાવવાનું છે, જે ઋત્-ચેતનાના આવિર્ભાવનું સુયોગ્ય

કરણ બની રહે.

શરીરને પોતાની ચેતના હોવા છતાં મન અને પ્રાણની જોહુકમી તેને ગુલામ કરી રાખે છે અને તેને બગાડી મૂકે છે. તેને મુક્ત કરવાનો એક જ માર્ગ છે. તેને ચૈત્યપુરુષના સંપર્કમાં મૂકવાનું હોય છે, તેથી ચૈત્યપુરુષનું સાચું અને યોગ્ય માર્ગદર્શન તેને મન-પ્રાણની ગુલામીમાંથી મુક્ત કરશે. શરીર પાસે સહન કરવાની અને સાનુકૂળ થઈ જવાની અદ્ભુત ક્ષમતા છે. તે ચૈત્યપુરુષના સંપર્કથી ખીલી ઊઠે છે.

માતાજી આગળ વાંચે છે :

આવી રીતે સુદૃઢ અને સમતોલ બનેલ જીવનની અંદર એક નવીન સંવાદિતાનો આવિર્ભાવ થશે. તે ઊર્ધ્વમાં રહેલી સંવાદિતાનો જ વિસ્તાર બની જશે. તે એક સંપૂર્ણ પ્રમાણબદ્ધતા મેળવી આપશે. તેમાં આકારનું સૌંદર્ય રચશે.''

હાલનાં શરીરોનાં તત્ત્વોમાં પ્રમાણસરની બાબતમાં અસમતુલા હોય છે. આંતરિક શાંતિ અને શુભભાવનામાં રહેનાર વ્યક્તિઓનો દેખાવ સુંદરતાને વધારે મળતો હોય છે. આંતરિક ક્રૂરતા અને દ્વેષીલા માનવોનો દેખાવ અને ચેહરો કુરૂપ લાગે છે, કારણ શરીર આંતરિક અવસ્થાઓનો જ આવિર્ભાવ કરતું હોય છે.

પણ સાચું જીવન જીવવા માટે સતત ઊર્ધ્વ-ચેતનામાં જ રહેતાં શીખવું પડે છે અને આ વસ્તુ શક્ય છે.

શરીરનો વાંક કાઢવા કરતાં તેને યોગ્ય તાલીમ આપવી જરૂરી છે. તેને લીધે તે વધારે અનુરૂપ બનશે.

માતાજી આગળ વાંચે છે :

''આ સંવાદિતા ક્રમેક્રમે વધતી જશે. વિશ્વરૂપ વિકસતી પૂર્ણતાનો તે એક અવિભાજિત અંશ હોય છે. અંતે, રૂપાંતરની પ્રક્રિયા શરૂ થશે. તેને કારણે શરીરની શિથિલતા અને મૃત્યુની ઘટના નિવારી શકાશે. આપણામાં સત્યનાં ચારે તત્ત્વો પ્રગટ થશે. ચૈત્યપુરુષનો પ્રેમ, મનનું પરમજ્ઞાન, પ્રાણની અજેય શક્તિ અને શરીરનું પૂર્ણ સૌંદર્ય; આ ચારે સંવાદમય સ્થિતિમાં રહેશે.''

રહસ્યવાદીઓ અને ધાર્મિક લોકોના એ વસ્તુ ખ્યાલ બહાર રહી ગઈ છે કે ભાગવત ચેતના દરેક તત્ત્વ દ્વારા જુદી જુદી રીતે વ્યક્ત થાય છે અને તેથી તે બધી જ અભિવ્યક્તિઓ પૂર્ણ સંવાદમય જ હોય છે, એક જ તત્ત્વની અભિવ્યક્તિ હોય છે.

માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**

(લેખ ક્રમાંક - ૨૦)

તર્ક - બુદ્ધિનું કાર્ય

શ્રી અરવિન્દ કહે છે કે તર્ક-બુદ્ધિ અનેક મર્યાદાઓ ધરાવે છે અને તે માનવજાતિને અધૂરું તથા ખામીયુક્ત માર્ગદર્શન પૂરું પાડે છે. આપણામાં રહેલી ભાગવત્ સત્તા અને પૂર્ણપુરુષની ખોજ માત્ર તર્કબુદ્ધિની મદદથી શક્ય નથી. પ્રાચીન ભારતીય આદર્શમાં ચતુવર્ણ સમાજપુરુષની કલ્પના કરવામાં આવી છે, તે અંતર્ગત માનવજીવનની પૂર્ણતાની તમામ સંભાવનાઓ છુપાએલી છે. પરંતુ શ્રી અરવિન્દ કહે છે તેમ, આધુનિક માનવીને તર્ક-બુદ્ધિ અને તેની રુચિ માત્ર વ્યવહારુ અને યાંત્રિક બાજુઓ સુધી જ સીમિત રહેવા પામી છે. અલબત્ત, તે તર્ક-બુદ્ધિની મદદથી વધુ સુવ્યવસ્થિત અને કુશળ માનવજીવનનું નિર્માણ ઈચ્છે છે તે ખરું. પરંતુ આમ કરવા જતાં તર્ક-બુદ્ધિ માનવ-જીવનની અનેક સંભાવનાઓને અવગણે છે અથવા દાબી દે છે. શ્રી અરવિન્દની ભાવી સમાજની કલ્પના અંતર્ગત માનવજાતિના અસ્તિત્વનું સમગ્ર કાર્ય સત્યને સહજપણે ઉદ્‌ઘાટિત કરવાનું અને તેનો વિકાસ કરવાનું છે. આવો સમાજ એટલે આધ્યાત્મિક સમાજ અને તેની રચના એ ભગીરથ કાર્ય છે.

આ સંદર્ભમાં સ્પષ્ટતા કરતાં શ્રી અરવિન્દ જણાવે છે કે આધ્યાત્મિક સમાજની રચનાની દિશામાં માનવીની વર્તમાન સમયની સામાન્ય તર્કબુદ્ધિએ તેની અંદર રહેલી ઉચ્ચ-તાર્કિકતાને ઉજાગર કરવાની રહે છે. ઉચ્ચ-તાર્કિક તત્ત્વ માનવ-બુદ્ધિમાં એક સંભાવના સ્વરૂપે રહેલું છે. આ તત્ત્વની મદદથી મનુષ્ય તમામ વિભાજનો કે વિવિધતાઓની આરપાર રહેલા એકત્વ તરફ ગતિ કરી શકે છે અને છેવટે તે પૂર્ણએકતાની સમન્વયકારી સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

શ્રી અરવિન્દ આપણને સમજાવે છે કે ઉચ્ચ તાર્કિકતાની મદદથી આધ્યાત્મિક સમાજ તરફ જતો માર્ગ શુદ્ધ ધાર્મિક જીવનનાં સત્યો અને અનુભવોમાંથી પસાર થાય છે. ધર્મનું આ સ્વરૂપ ગહનતમ્ છે. તેનું હાર્દ કે સારતત્ત્વ ધાર્મિક અનુષ્ઠાનો,

ઉપાસના અને પ્રતીકોથી પર હોય છે. તેનું મુખ્ય કાર્ય મનુષ્ય અને ભગવાન વચ્ચેના સાચા અને ઘનિષ્ઠ સંબંધને માનવજીવનમાં ચરિતાર્થ કરવાનું છે. આ સંબંધ 'એકત્વ'નો, વિભેદનો અને પ્રબુદ્ધ જ્ઞાનનો છે. તે આહ્‌લાદક પ્રેમ અને આનંદપૂર્વકના સમર્પણનો છે. શ્રી અરવિન્દ કહે છે કે આ બધાંને મનુષ્યની સામાન્ય તર્ક-બુદ્ધિ સાથે વિશેષ સંબંધ હોતો નથી, કારણ કે તેમનું ક્ષેત્ર અને કાર્યો ઉચ્ચ-બૌદ્ધિક કે ઉચ્ચ-તાર્કિક છે.

શ્રી અરવિન્દ કહે છે કે આ પ્રક્રિયા દરમ્યાન તર્ક-બુદ્ધિની મર્યાદાઓ સપાટી પર આવી જાય છે. ખાસ કરીને મનુષ્યના ધાર્મિક જીવનનાં સત્યો અને અનુભવોની સામે તર્ક-બુદ્ધિની મર્યાદાઓ તદ્દન ઊઘાડી પડી જાય છે. તર્ક-બુદ્ધિ પાસે ધાર્મિક જીવનનાં સત્યો અને અનુભવોની ભાષા ઉકેલવાની ક્ષમતા હોતી નથી. વળી, તે આ માટે કોઈ કષ્ટ ઉઠાવવા તે તૈયાર પણ હોતી નથી. તે જો પોતાની હાલની ભાષા ભૂલી જવા તૈયાર હોય તો જ તે નૂતન, દિવ્ય-સામ્રાજ્યના નિવાસીઓની ભાષા ઉકેલી શકે અને તેમના જીવન તથા પ્રકૃતિને સમજી શકે. વાસ્તવમાં વર્તમાનની ટીકાખોર તર્ક-બુદ્ધિ આધ્યાત્મિક અનુભૂતિઓ ધરાવતી વ્યક્તિઓના જીવનનું વિશ્લેષણ કરવાનો નિરર્થક પ્રયાસ કરતી જણાય છે તેમ શ્રી અરવિન્દનું માનવું છે.

શ્રી અરવિન્દ કહે છે કે તર્કવાદી વ્યક્તિ ધર્મ પાસે એવી અપેક્ષા રાખે છે કે ધર્મ તેના તાર્કિક પ્રશ્નોના સંતોષકારક જવાબો આપે અને તેના સમર્થનમાં ભૌતિક પ્રમાણો આપે. પરંતુ ખરી ધાર્મિકતાનો વિષય અભૌતિક કે અમૂર્ત તત્ત્વની ખોજ કરવાનો છે. તે આધ્યાત્મિક અનુભવોનાં ભૌતિક પ્રમાણો આપી શકે નહીં તેમ શ્રી અરવિન્દ સ્પષ્ટ કહે છે.

શ્રી અરવિન્દ આગળ ચાલતાં કહે છે કે તર્ક-બુદ્ધિએ આધ્યાત્મિક અનુભવોના ક્ષેત્રે જે કાર્ય કરવાનું છે તે ગૌણ સ્વરૂપનું કે બીજા દરજ્જાનું છે. શ્રી અરવિન્દની દૃષ્ટિએ તર્ક-બુદ્ધિનું કાર્ય વધુમાં વધુ એટલું જ છે કે તે આધ્યાત્મિક અનુભૂતિઓ અને નિયમોની યથાસંભવ, પરંતુ ઉત્તમ રીતે વ્યાખ્યા કરી આપે. શ્રી અરવિન્દ તર્કવાદી વ્યક્તિ પાસે એવી અપેક્ષા રાખે છે કે તે આધ્યાત્મિક અનુભૂતિઓની

(પૃ.૪૦ ઉપર)

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

સાક્ષાત્કારોમાં પ્રજ્ઞા

પ્રકરણ - ૧૦૧

(Savitri B-1, C-3, P - 39-40)

A gleaner of infinite experience,
She pierced the guarded mysteries of World-Force.
And her magic methods wrapt in thousand veils;
Or she gathered the lost secrets dropped by Time.
In the dust and crannies of his mounting route,
Mid old forsaken dreams of hastening Mind.
And buried remnants of forgotten space.

અશ્વપતિના પ્રજ્ઞાની સભાનતાનો પ્રકાશ સર્વત્ર ફેલાએલો હતો. તે અસીમ ચેતના બાબત પૂર્ણ સભાન બનેલી હતી. પોતાના જ ચેતો-વિસ્તારને પોતે જ જોઈ રહી છે, એવા ભાવ પ્રજ્ઞામાં જાગતો હતો. આ પ્રજ્ઞાએ જેમ ઊર્ધ્વમાં પોતા માટે ઊઘાડ નિર્માણ કરેલ હતો, તેમ આધાર તરફ પણ પોતાનો ઊઘાડ રચ્યો હતો. તેની દ્વારા હવે તે પોતાની ક્ષમતાને મનોમય અને પ્રાણમય પ્રદેશોમાં પણ વિસ્તારી રહી હતી.

ઊર્ધ્વ કક્ષાએ જે દેવતાઈ જગત છે - 'અધિમનસ જગત છે, તેની વૈશ્વિક દિવ્ય-શક્તિઓની કાર્યવિધિ અને કાર્યપદ્ધતિ તે સમજતી થઈ હતી. આ વિશ્વ-શક્તિઓ જ જ્યારે સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે દેવો દેવીઓ સ્વરૂપ દેખાય છે, જ્યારે તેઓ અરૂપ રહેવા માંગે છે, ત્યારે તે વૈશ્વિક-શક્તિઓ તરીકે અનુભવાય છે. આ દિવ્યતાનો ભાવ પ્રગટ કરવા શ્રી અરવિન્દ World-Force ના બન્ને આદ્યાક્ષરો કેપિટલ કરે છે.

આ દિવ્ય - શક્તિ અને તેનાં દેવી-સ્વરૂપો રૂપ દેવો-દેવીઓનું અસ્તિત્વ અને તેમનું જગતનું અસ્તિત્વ અને તેનાં કાર્યો બાબત ખૂબ જ ગુપ્તતા જળવાતી હોય છે. તેમનાં કાર્યનો હેતુ પણ ગૂઢતાના પડદા પાછળ ઢાંકી રાખેલો હોય છે અને જગત સામે તો બાહ્ય નિમ્ન કક્ષાનાં ભૌતિક કે માનસિક કારણો જ ધરી દેવામાં આવે છે. આ રીતે જ તેમનો ઉદ્દેશોને ગુપ્ત રાખવામાં આવે છે. પણ પ્રજ્ઞાની અસીમ ક્ષમતાએ તો તેમનાં બધાં જ રહસ્યોને છતાં કરી દીધાં, એટલું જ નહિ પણ તેમની આશ્ચર્યજનક કાર્યપદ્ધતિઓને પણ

સમજી લીધી ! બહારથી આપસમાં લડતાં અને સામેના પક્ષનો નાશ કરવાં પ્રયત્ન કરતાં બળોનાં તુમુળ યુદ્ધમાં એટલી તો ગૂંચવણો દેખાય છે કે ખરેખર કોઈ નિશ્ચિત પરિણામની આગાહી જ કરી શકાતી નથી, કારણ અસંખ્ય બળો એકીસાથે જ જોર કરતાં દેખાય છે. સમગ્ર પરિસ્થિતિ પ્રવાહી લાગે છે, પણ આવી અટપટી કાર્યવાહી વચ્ચે પણ પ્રજ્ઞાને તો અંતિમ પરિણામનો ખ્યાલ આવી જ જાય છે.

આટલું જ નહિ, ઘણી વખત દૈવી-આયોજનમાં પણ નિષ્ફળ થએલાં કુદરતનાં પ્રયોગને ત્યાગી દેવામાં આવે છે અને તે પ્રયોગ કાળના પ્રવાહમાં તદ્દન નામશેષ બનેલો લાગે છે. પણ પ્રજ્ઞા પોતાની વિશાલ અને અખંડકાળની દૃષ્ટિથી તે પ્રયત્નોનું રહસ્ય પણ સમજી લે છે. એટલું જ નહિ તેમાંથી તારવેલ સત્યને તે પછીનાં પ્રયોગમાં કેવી રીતે ઉપયોગમાં લેવામાં આવ્યું છે તે પણ પ્રજ્ઞા જાણી લે છે ! પ્રજ્ઞાથી છાનું કાંઈ રહેતું જ નથી.

કુદરતે ત્યાગેલાં આવા પ્રયોગો ક્યાં સૂક્ષ્મરૂપે પડેલાં હોય છે તેનો જવાબ આપતાં શ્રી અરવિન્દ જણાવે છે કે મનને પોતાની પ્રગતિ કરવાની પણ ઉતાવળ હોય છે. તે જ્યારે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે, ત્યારે જે પ્રયોગોથી પરિણામ વિલંબથી આવવાનાં હોય અથવા અપેક્ષા મુજબ આવતાં ન દેખાતાં હોય એવા પ્રયોગોને અધવચ્ચે જ મૂકીને તે આગળ વધી જાય છે. તેણે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરવા માટે ચાતરેલાં માર્ગનાં ધૂળમાં કે તેની તરાડોમાં કે મધરસ્તે આવા ત્યજાએલાં પ્રયોગોનાં અવશષો દટાએલાં કે વેરવિખેર પડેલાં હોય છે. તે અવશેષોને જોઈને જ પ્રજ્ઞા પાસે મનના વિકાસના બધા જ તબક્કાઓનું જ્ઞાન હોય છે. પ્રજ્ઞા જે રીતે ચેતનાના અવતરણ અને ઉત્ક્રાંતિનો પૂર્ણ અને સળંગ સાચો ઈતિહાસ સર્વાંગપૂર્ણ રીતે જાણે છે તેવું ભાગ્યે જ કોઈ નિમ્નતત્ત્વ જાણતું હશે. માનવને તો તે સમજવો પણ મુશ્કેલ જાય છે.

A traveller between summit and abyss,
She joined the distant ends, the viewless deeps,
Or streaked along the roads of Heaven and Hell
Persuing all knowledge like a question hound.

પ્રજ્ઞા-શક્તિ ઊર્ધ્વમાં ઊર્ધ્વ તત્ત્વને અર્થાત્ summitને-શિખરને જાણી શકે છે. તેમ નિમ્નમાં નિમ્ન ખાઈને - abyssને પણ જાણી શકે છે. તે સતત પ્રભુની દિવ્ય-સર્જનક્ષમતાની જાણે મદદગાર હોય છે. તે રૂપાંતરકારી શક્તિ ઊર્ધ્વ તત્ત્વો સાથે કામ કરતી હોય, ત્યારે પ્રજ્ઞાનો પ્રકાશ ઊર્ધ્વ તત્ત્વો ઉપર સ્થિર કરેલો હોય છે; જ્યારે અવચેતન, અચેતનમાં કામ કરતી હોય ત્યારે તેનો પ્રકાશ અવચેતન, અચેતન ઉપર પણ કેન્દ્રિત થાય છે. ખાણિયા મજૂરનાં ટોપામાં જેમ બેટરી બેસાડેલી હોય છે તેવું પ્રજ્ઞા કામ કરતી હોય છે, તેથી પ્રજ્ઞાને ઊર્ધ્વ પ્રદેશો અને નિમ્ન પ્રદેશોમાં સતત આવાગમન કરવું

પડે છે. અવચેતન અને અચેતનનો પ્રદેશ આપણા જાગૃત મનથી ગુપ્ત હોવા છતાં પ્રજ્ઞા માટે તો તે દૃશ્ય અને સ્પષ્ટ જ હોય છે. તે સહજ રીતે સ્વર્ગ અને નરકની ભૂલભૂલામણીને (streaked) પાર કરી જાય છે. જેમ શિકારી કૂતરો (hound) શિકારનો પીછો કોઈ હિસાબે છોડતો નથી, તેમ પ્રજ્ઞા જ્ઞાનાર્જનનો પીછો છોડતી નથી. તે સતત જ્ઞાનાર્જનની પ્રક્રિયામાં જ વ્યસ્ત હોય છે. તે મહાસરસ્વતીની શક્તિ છે.

A reporter and scribe of celestial speech,
Passed through the masked office of the occult mind.
Transmitting gave to prophet and to seer.
The inspired body of the mystic Truth.

પ્રજ્ઞા ઊર્ધ્વમાંનાં સત્યોનું વર્ણન કરતી દિવ્યવાણી સ્વરૂપ છે તેને શબ્દોમાં કેમ મઢવા તે પ્રજ્ઞા જાણે છે. જાણે તે વાર્તાહર છે અથવા લહિયો છે (reporter or scribe). તે ગૂઢ મનનાં પ્રદેશનાં અવ્યક્ત રહસ્યોને મેળવી પ્રગટ કરે છે અને તે માટે તે જ્ઞાન કોઈ પયગંબરને, ક્રાન્તદૃષ્ટાને કે ભવિષ્યવેત્તાને આપે છે, ને જેઓ પ્રગટ કરતાં હોય છે. આ પયગંબરો અને ક્રાન્તદૃષ્ટાઓ અને ભવિષ્યવેત્તાઓનાં શારીરિક-તત્ત્વો વિકાસ પામેલાં હોય છે. ઓછામાં ઓછું તેમનું મગજ તે ક્ષમતા ધરાવે છે અને તેથી તે જ્ઞાનને તે ગ્રહણ કરીને વૈખરી-વાણીમાં પ્રગટ કરી શકે છે. તે વ્યક્તિને એમ જ લાગે છે કે તેને આંતરિક-સ્ફુરણાઓ થઈ રહી છે !

સમગ્ર પ્રાણીમાત્રને ઉત્ક્રાંત કરવા આ રીતે વિવિધ ઉપાયો કુદરત યોજતી જ હોય છે. તે દૃષ્ટાઓ ગૂઢ સત્યોને અને કુદરતનાં રહસ્યોને આ રીતે પ્રગટ કરતાં હોય છે :

A recorder of the inquiry of the gods,
Spokesman of the silent seeing of the Supreme.
She brought immortal words to mortal men.

પ્રજ્ઞામાં પૃથ્વીના જન્મથી અત્યાર સુધી વિવિધકક્ષાનાં દેવી-દેવતાઓ માટે તપસ્વીઓએ જે સાધના કરી, અનુભૂતિઓ મેળવી, સત્યો શોધ્યાં, તારણો કાઢ્યાં, તે બધાંનું ગુપ્ત રેકર્ડ રહેલ છે. તે તેની સાચવણી કરે છે. તેનું જાણે સમગ્ર backup આ પ્રજ્ઞારૂપી કૉમ્પ્યૂટરમાં લઈ રાખેલ છે. પરમ-ચેતના જે શાંતિથી, દૃષ્ટાભાવે જગતમાં થતી વિવિધ પ્રવૃત્તિઓને જોતી હોય છે અને તેમની દ્વારા પોતે કેવી રીતે, કેટલા પ્રમાણમાં, વધારે ને વધારે, પ્રગટ થઈ રહી છે તે સમજતી હોય છે, તેની અધિકૃત વક્તા છે, Spokenman છે. મર્ત્યમાનવોને ચેતનાનો વિકાસ કેવી રીતે કરી શકાશે તેનું માર્ગદર્શન આપતાં ગ્રંથો, પુસ્તકો, ઉપદેશોની અમૃતવાણી પણ તે જ છે. તે જ આવા ચિરંતન-સત્યોની શબ્દોમાં થતી અભિવ્યક્તિઓને વિકસાવે છે.

Above the reason's brillant slender curve.
Realeased like radiant air dimming a moon,
Broad spaces of a vision without line
Or limit swam into his spiriti's ken.

આપણી તર્કશક્તિ અર્થાત્ બુદ્ધિની ઊર્ધ્વતમ જે પાતળી અને સૂક્ષ્મ કક્ષા છે તેની પણ ઉપર તે પ્રજ્ઞા-શક્તિ રહે છે. તેની પોતાની કક્ષા તેજોમય છે. તેમાં પ્રતિભાનો પ્રકાશ હોય છે. પ્રતિભા એટલે જેણે ઉછીનો પ્રકાશ લઈને પ્રકાશમય થઈ ગઈ છે તેવી બુદ્ધિ. તેણે આ પ્રકાશ પ્રજ્ઞા પાસેથી જ લીધેલો હોય છે. પ્રતિભાનું ક્ષેત્ર એ પ્રજ્ઞા અને બુદ્ધિનો વચગાળાનો પ્રદેશ છે. તેમાંથી આંતરિક પ્રકાશ બહાર ફૂટી નીકળતો હોય છે અને તે પ્રકાશ ચંદ્રપ્રકાશ જેવો ખૂબ જ સૌમ્ય અને આહ્‌લાદક હોતો નથી, પણ તેથી થોડોક વધારે પ્રકાશમય અને તેજસ્વી હોય છે. ચંદ્રની જ્યોત્સના તેની સામે ફીકી પડી જાય એવો તે પ્રદેશ છે, તેથી તે પ્રદેશના આજુબાજુના પ્રદેશમાં પણ એક તેજોમય હવા બંધાએલી હોય છે.

આ એવો પ્રદેશ છે જેમાં અસીમ તદ્દન નિરાકાર અસ્તિત્ત્વનાં દર્શન થતાં હોય છે અને તે અસ્તિત્ત્વ ઉપર જણાવેલી તેજોમય હવાથી જાણે સ્વયંપ્રકાશિત બનેલું હોય છે. તેમાં ચૈત્યપુરુષની હૃદયગુફામાં (ken) પ્રવેશવાની બંધી હોતી નથી. તેમાં પ્રવેશ્યા છતાં તેની અસીમતાને કોઈ બાધ આવતો નથી.

Oceans of being met his voyaging soul
calling to infinite discovery,
Timeless domains of joy and absolute power
Stretched out surrounded by the eternal hush;
The ways that lead to endless happiness
Ran like dream-smiles through vasts:
Disclosed stood up in a gold moments blaze
White sun-steppes in the pathless Infinite.

પ્રજ્ઞાને આવા અસીમ અસ્તિત્ત્વનો સાક્ષાત્કાર થવાથી પ્રજ્ઞામાં પરમ-ચેતના જે અસીમ-ચેતનાનો સાગર છે (ocean of being) તેમાં અને વિકસતા ચૈત્યપુરુષમાં (voyaging soul) મિલન કરાવી દેવું શક્ય થયું અને ચૈત્યપુરુષમાં આ અનંતની ખોજ કરવાનો રસ નિર્માણ થયો. અસીમ-ચેતના એવું ક્ષેત્ર છે જ્યાંનો આનંદ અક્ષય છે, કાલાતીત છે અને તેની શક્તિઓ પણ સર્વાંગપૂર્ણ અને સર્વસમર્થ છે. તેઓ સનાતન પ્રશાંતિમાં જ રહેતો હોય છે અને આ પ્રશાંતિના વિશાલ-ક્ષેત્રમાં ચૈત્યપુરુષ તે અનંત સાથે

એકરૂપ થઈને પ્રવેશતો હોય છે; ત્યારે તેને જે દિવ્ય-આનંદની, અક્ષય આનંદની જે અનુભૂતિ થાય છે તે પોતાના જ આધારની દુર્ગતિ, અશુદ્ધિ, વિકારવૃત્તિઓ જોતાં એક સ્વપ્નમાંનાં સ્મિત જેવું ભ્રામક લાગે છે ! પણ ખરેખર તેવું હોતું નથી. બન્ને સ્થિતિ સાચી અને વાસ્તવિક જ છે અને તેમાં સુમેળ કરવો એ જ ચૈત્યપુરુષની તપસ્યા, કર્તવ્ય અને કાર્ય હોય છે. પણ ઘણી વખત તે દિવ્ય-આનંદ નિમ્ન તત્ત્વોની અશુદ્ધિઓને કારણે છવાઈ જતો કે ભાગી જતો લાગે છે, પરંતુ તે જ દિવ્ય આનંદ જ્યારે ચૈત્યપુરુષ સુવર્ણમય કોષમાં પ્રવેશે છે, તે અતિમનસ ચેતનાનો સ્પર્શ પામે છે; ત્યારે તેની સોનેરી ક્ષણોમાં તે દિવ્યાનંદ ફરી પૂર્ણ રીતે પ્રકાશી ઊઠે છે, પૂર્ણરીતે ખીલી ઊઠે છે, ઝળહળી ઊઠે છે. પણ તે માટે ચૈત્યપુરુષે પ્રશાંતિમાં જ લીન રહેવું પડે છે અને ત્યારે તે અસીમ-નિરાકાર-ચેતનાનાં ધ્યાનમાં મગ્ન હોય છે. ત્યાં કોઈ વિચારો કે ભાવનાઓનાં હરિયાળાં વૃક્ષો પણ હોતાં નથી. તે વિચાર અને ભાવશૂન્ય અવસ્થા હોય છે. નિર્વિચાર-સમાધિ હોય છે. તે એક કપૂર જેવી ધવલ-શ્વેત પ્રકાશરંગી ચેતનાનો પ્રદેશ છે અને ત્યાં વિચારોરૂપી વૃક્ષો કે વનરાઈ નથી, તેથી તેને અહીં White steppes કહેલ છે. "Steppes" એટલે રશિયામાંનો વૃક્ષહીન રણપ્રદેશ. ત્યાં ચૈત્યપુરુષ વિચરે છે પણ પોતાની કેડી રચી શકતો નથી. તેનાં પગલાંનાં ચિહ્નો ત્યાં રચાતાં જ નથી, તેથી તે પ્રદેશ પથવિહોણો છે. આવી પ્રશાંતિમાં જ દિવ્ય-આનંદ પ્રગટ થતો હોય છે. આ બધું કરવાનું કામ પણ પ્રજ્ઞાનું જ છે.

જન્મદિને પ્રાર્થના

માડી મનની વાત કહું હું,
તારા આ જન્મદિને,
તારો સાથ ન છૂટે ક્ષણમપિ,
હર જન્મે, રાતદિને,
તવ હાજરી ને પ્રકાશની હૂંફે,
ચિત્ત ધબકે હરે પળે,
તારા સ્મરણે શ્વાસ મુજ થંભે,
અંતિમ ઘટિકા પળે.

યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨૦

પ્રાણની વિવિધ કક્ષાઓ
(ભા.૧, પૃ.૩૭૩-૩૭૮)

અવતરણો

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ **પ્રાણમય સ્વરૂપનાં ચાર ભાગ હોય છે..... પ્રથમ મનોમય પ્રાણ, બીજો ઊર્મિમય પ્રાણ..... ત્રીજો કેન્દ્રવર્તી પ્રાણ..... ચોથો નિમ્ન પ્રાણ છે. પૃ.૩૭૩**

૨ **તેમનાં કેન્દ્રો અનુક્રમે..... (૧) ગળાથી હૃદય સુધી (૨) હૃદય (૩) હૃદયથી નાભિ (૪) નાભિની નીચે. પૃ.૭૩**

૩ **પ્રાણમય મન સ્વપ્ન સેવવાં..... કલ્પના કરવાનું છે. પૃ.૩૭૪**

૪ **(પ્રાણમય મન) તેનામાં પ્રમાણતાનું અથવા માપનું ભાન હોતું નથી..... આતુરતા હોય છે. પૃ.૭૭**

૫ **(પ્રાણમય મન) તેનો પાયો અહંકાર ઉપર રચાયેલો હોય છે. પૃ.૩૭૭**

૬ **તેમાંથી અનાસક્ત અને તટસ્થ રહેવું એ ઉત્તમ વસ્તુ છે. પૃ.૩૭૭**

૭ **મનોમન વાર્તાલાપ કરવાની..... ટેવ પ્રાણમય મનની સાથે બનતી આવે છે. પૃ.૩૭૮**

૮ **ઊર્મિમય પ્રાણને મનના એક ભાગ તરીકે ગણવું જોઈએ. પૃ.૭૮**

૯ **ઊર્ધ્વતર પ્રાણ..... પોતાની જાતને જીવનની વિશાળ ક્રિયાઓમાં ફેંકે છે. પૃ.૩૭૮**

૧૦ **નિમ્ન પ્રાણ..... ઈચ્છાઓની ક્ષુદ્ર ગતિઓ સાથે સંબંધ ધરાવે છે. પૃ.૩૭૮**

પ્રાણમય ચેતનાનાં ચાર સ્વરૂપો છે :

મનોમય પ્રાણ, ઊર્મિમય પ્રાણ, કેંન્દ્રવર્તી પ્રાણ અને નિમ્ન પ્રાણ.

મનોમય પ્રાણ, પ્રાણની લાગણીઓ, કામનાઓ, આવેશોને વિચાર અને વાણી દ્વારા પ્રગટ કરવાનું કાર્ય કરે છે. તે પ્રાણની મનોમય અભિવ્યક્તિ સ્વરૂપ છે. ઊર્મિમય

પ્રાણ એટલે હૃદયમાં ઊઠતાં પ્રેમ, આનંદ, દુઃખ, સુખ, ધિક્કાર વગેરે અનુભવ કરાવતો પ્રાણ. કેન્દ્રવર્તી પ્રાણ દ્વારા મહત્ત્વાકાંક્ષા, અભિમાન, સત્તાની અને કીર્તિની ભૂખ વગેરે અહંકારની માગણીઓ વ્યક્ત થાય છે. જ્યારે નિમ્નપ્રાણ દ્વારા જીવનની ક્ષુદ્ર નાની મોટી ઈચ્છાઓ વ્યક્ત થાય છે.

આ ચારે પ્રાણના પ્રકારના શરીરસ્થ કેન્દ્ર અનુક્રમે નીચે મુજબનાં હોય છે :

૧ મનોમય પ્રાણનું કેન્દ્ર ગળાથી હૃદય સુધીનો ભાગ

૨ ઊર્મિમય પ્રાણનું હૃદયનો આગળનો ભાગ

૩ કેન્દ્રવર્તી પ્રાણનો હૃદયથી નાભિ સુધીનો ભાગ અને

૪ નિમ્નપ્રાણનો નાભિથી નીચેનો ભાગ

પ્રાણમય મન યોજનાઓ કરે છે, સપનાંઓ જોય છે, કલ્પનાનું જગત ખડું કરે છે; તે ભાવિ માટેનાં સપનાં હોય છે. જો અનુકૂળ સંજોગો લાગે તો સંકલ્પશક્તિ તેને અમલમાં મૂકી સિદ્ધ કરવા મથે છે. મહાન કાર્યો કરનાર વ્યક્તિઓમાં પ્રાણમય મન વધારે મજબૂત હોય છે. નબળા પ્રાણમય મનવાળો ફક્ત શેખચલ્લી વિચારો જ કરે છે. તેને અમલમાં મૂકી શકતો નથી.

સાધનામાં જો પ્રાણમય મન નિરંકુશ બને છે તો તે ખોટી અને ભ્રામક અનુભૂતિઓ રચે છે. અદિવ્ય-શક્તિ આવા પ્રાણમય મન દ્વારા જ સાધકને ગેરમાર્ગે દોરતી હોય છે અને અંતે અયશસ્વી કરીને નિરાશાની ખાઈમાં ધકેલી દે છે.

સાધના દરમિયાન શાંતિનું અવતરણ થવાથી જ્યારે વિવેકીમન શાંત અને નિષ્ક્રિય બની ગએલું હોય છે ત્યારે આવું પ્રાણમય મન તે અવકાશને પોતે ઘસારો કરીને ભરી દે છે અને તેમની પાછળ અદિવ્ય-શક્તિઓ સાધકના હૃદયનો કબજો લઈ ભ્રામક અનુભૂતિઓ રચે છે.

આ બધી વસ્તુઓ શાંતિમાં ખલેલ પાડતી હોય છે. ઘણી વખત નિમ્નપ્રાણ પણ મનોમય પ્રાણ સાથે પ્રવેશ મેળવી પોતાનો પ્રભાવ દર્શાવે છે. આવી સ્થિતિમાં ઊર્ધ્વતર શક્તિઓ સ્વરૂપ જ્ઞાન, પ્રેમ, આનંદ વગેરેનું અવતરણ બંધ પડી જાય છે અને અવતરણ પામતી દિવ્ય-ચેતના પાછી ચાલી જાય છે. નિમ્નપ્રાણ કાયમ દિવ્ય-શક્તિઓનો ગેરઉપયોગ જ વધારે કરે છે.

તેથી સાધનામાં પ્રાણની વિશુદ્ધિની ખૂબ જ જરૂરી છે. તે સાચી અનુભૂતિઓ સાથે વધતી જ હોય છે. પ્રાણમય મન સંકલ્પ કરાવવામાં, તે મુજબ સક્રિય થવામાં, પ્રયત્ન કરીને યશ મેળવવામાં અને તેના પરિણામ સ્વરૂપ સંતોષ મેળવવામાં જ પોતાની સમગ્ર શક્તિ વાપરતું હોય છે, પણ તે ઉતાવળિયું હોય છે. આવેગમાં આવી કાર્ય કરે છે તેથી ઘણી વખત અવરોધો આવતાં નિરાશ થઈ જાય છે. વિચારશીલ મનનું તેની ઉપર પ્રભુત્વ હોવું જરૂરી છે.

પ્રાણમય મન ઊંઘમાં પણ કાર્ય કરી શકે છે. તે ભાવિનાં સપનાં સ્વરૂપ હોય છે, પણ તે સાધના માટે બહુ ઉપયોગી નથી. ત્યાં ઉચ્ચતર યોગની ક્રિયાઓ શરૂ થવી જોઈએ. ચિંતનાત્મક મનના નિયંત્રણ નીચે પ્રાણમય મન વધારે સારી રીતે કાર્ય કરી શકે છે. ઊંઘમાંની પ્રાણમય ભૂમિકા ઉપર પણ સાધકનું વર્ચસ્વ હોવું જરૂરી છે. તેવી સ્થિતિમાંની અનુભૂતિઓ સાધનામાં જરૂર મદદરૂપ થાય છે. અવચેતનમાંથી ઊઠતા પ્રાણમય આવેગો સાધનામાં હાનિકારક હોય છે. તે સમગ્ર વસ્તુને શાંત કરી દેવાની જરૂર છે.

પ્રાણમય મનની એક ખાસિયત હોય છે. તે સાધકમાં મનોરાજ્ય અથવા દિવાસ્વપ્નો રચે છે. તે સ્વપ્નાનું મુખ્યપાત્ર તે વ્યક્તિ પોતે જ બને છે. તે મહાન કાર્યો કરે છે અથવા મહાન સંતોની જેમ આદર્શવાદી આચરણ કરતા દેખાય છે. ઘણી વખત પ્રાણમય મન સાથે જોડાએલાં નાનાં નાનાં સૂક્ષ્મ પાર્થિવ સત્ત્વો આવો ખેલ કરીને પોતે તે વ્યક્તિની મૂર્ખતાની મજા માણતાં હોય છે. વિવેકી મન સામે આ બધી વસ્તુઓ રજૂ થાય તો તે આવી વસ્તુઓમાં રહેલી મૂર્ખાઈ અને આત્મશ્લાઘાને પકડી પાડે છે. પ્રાણમય મનમાં તારતમ્ય કે પ્રમાણનું ભાન જરાપણ હોતું નથી. આ બધાંમાંથી સાધકે મુક્ત થવાની જરૂર છે.

પ્રાણમય મન પોતાની પરિચિત વ્યક્તિ સાથે મનમાં ને મનમાં વાર્તાલાપ કરવાની ટેવ પણ પાડે છે. ખરેખર તો આ સૂક્ષ્મ પાર્થિવ જગત ઉપર કાર્ય કરવાની એક રીત છે, પણ પ્રાણમય મનને આની ગંભીરતા ખબર ન હોવાથી તે જાણતા-અજાણતા સામી વ્યક્તિને ફાયદો કે નુકસાન કરતું હોય છે.

ઊર્મિમય પ્રાણ અને ઊર્ધ્વપ્રાણ બન્ને વચ્ચેનો તફાવત સૂક્ષ્મ હોવાથી તે સમજવો જરા મુશ્કેલ છે. મનનાં પ્રદેશમાં પ્રાણશક્તિ જ્યારે કામ કરવા માંડે છે, તેમાં જે એક સ્તર કે પ્રકાર નિર્માણ થાય છે; તેને ઊર્મિમય પ્રાણ કહે છે. તેમાં હૃદયમાં ઊઠતી પ્રેમ, આનંદ જેવી સંવેદનાઓ પ્રગટ થતી હોય છે. આ ઊર્મિમય પ્રાણની પણ ઉપર ઊર્ધ્વમાં ઊર્ધ્વ-પ્રાણ એ પ્રાણમય પ્રકૃતિના ટોચ ઉપર બેસેલો હોય છે તેથી ઘણી વખત ઊર્મિમય પ્રાણને ઊર્ધ્વ પ્રાણના નિમ્નભાગ તરીકે વર્ણવવામાં આવે છે. આ બન્નેથી તદ્દન અલગ નિમ્નપ્રાણનો પ્રદેશ છે. ઊર્ધ્વ પ્રાણમાં શક્તિ, બળ, સર્જન-શક્તિ. આત્મસમર્પણ અને નિમ્નપ્રાણ ઉપર વિજય જેવી ક્ષમતાઓ ખાસ દેખાય છે. નિમ્નપ્રાણ શારીરિક પ્રાણ સુધી ફેલાએલો છે અને ભૂખ, શારીરિક સંવેદનો, શારીરિક-દુઃખ, સંતોષ વગેરેનાં મર્યાદિત ક્ષેત્રમાં કામ કરે છે.

નિમ્નતર પ્રાણમાં લાલસા, લોભ, મિથ્યાભિમાન, ક્ષુદ્ર મહત્ત્વાકાંક્ષા, ગુસ્સો, ઈર્ષા, અદેખાઈ જેવા ભાવો પ્રબળ હોય છે, તેથી તેને નિમ્ન પ્રાણથી પણ જુદો પાડેલો છે ; પણ બાહ્ય સ્વરૂપને આંતર-સ્વરૂપ સાથે જોડવાનું મહત્ત્વનું કામ તે કરતો હોય છે.

વેદનું રહસ્ય

- શ્રી અરવિન્દ

ભૂમિકા

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૩-૨૨)

પ્રકરણ -૧

સમજૂતી - માનસિંહ ચાવડા

યુરોપિયન વિદ્વાનોએ આર્ય અને દ્રવિડ બે ભિન્ન સંસ્કૃતિ અને માનવવંશ કલ્પીને જે અર્થ-ઘટન કર્યું છે તે શ્રી અરવિન્દને મુદ્દલે માન્ય નથી. બન્ને સંસ્કૃતિ અને વંશ એક જ જાતિનાં છે. ભારતમાંનો પ્રાદશિક તફાવત જે આજે પણ દેખાય છે તેવી આ છટાઓ માત્ર જુદી હતી.

વેદોમાં જે અધ્યાત્મ છે તે વેદપૂર્વે કોઈ અતિપ્રાચીન સંસ્કૃતિ જે મૂળતઃ ભારતીય જ હતી તેની જણાય છે. વેદોમાં પણ 'પૂર્વે પિતરાઃ' તરીકે તેમનો સન્માનથી ઉલ્લેખ થાય છે, પણ તે પરંપરા લુપ્ત થઈ ગઈ હતી અને તેનો અમુક અંશ નષ્ટ થઈ ગયાની ગવાહી ભારતીય પરંપરા આપે છે, તેથી તે મૂળ પરંપરાની સામગ્રી ઉપલબ્ધ ન હોવાથી આ ગૂંચવાડો નિર્માણ થયો છે.

ભારતીય વેદો અને ઉપનિષદો તથા તે પછીના આધ્યાત્મિક પ્રવાહો તે મૂળ પ્રવાહના જ વિવિધ ફાંટાસ્વરૂપ છે.

વેદકાળમાં કર્મકાંડ અને જ્ઞાનકાંડ એવા ભાગ નહોતા. બન્ને જીવનમાં જરૂરી ગણાતાં. કર્મકાંડ કરતી વખતે પણ જ્ઞાનાત્મક વિભાવનાઓ જ કરાતી હતી. આ રીતે જ સમન્વય સાધી શકાય છે. જ્ઞાનાત્મક વિભાવનાઓને પરિપકવ કરવા જ કર્મકાંડ અનુસરાતું.

ઉપનિષદ કાળ પછી વેદના દરેક મંત્રનો આધ્યાત્મિક અર્થ જ છે એવો આગ્રહ જન્મ્યો. દરેક વસ્તુનું તેવું મહત્ત્વ પ્રતિપાદન કરવાનો પ્રવાહ શરૂ થયો જે આજે પણ આછો પાતળો ચાલે છે. આ અતિરેકી ભૂમિકા માત્ર છે.

મૂળ આધ્યાત્મિક ભાવનાઓ અને સાયણના અર્થોમાં ઘણો તફાવત પડતો પણ દેખાય છે.

શ્રી અરવિન્દનો આધ્યાત્મિક અર્થ ઉકેલવાનો પ્રયત્ન પ્રથમ જ છે એવો તેમનો જરા પણ દાવો નથી. પણ તે આધ્યાત્મિક વિભાવનાઓને જીવંત કરવાનો શ્રી

અરવિન્દનો જરૂર ઉદ્દેશ છે. એક વખતે તે વિભાવનાઓ સમગ્ર જગતમાં માન્યતા ધરાવતી હતી અને ભારત તેનું મુખ્ય કેન્દ્ર હતું, એ વસ્તુ તો નિર્વિવાદ છે.

વેદ આધ્યાત્મિક પ્રાચીનતમ ગ્રંથ છે. અનેક ઋષિઓની તે કૃતિ છે, તે કાળમાં ઋષિઓને સત્યદૃષ્ટા કવિ કહેતા (કવયઃ મંત્ર દૃષ્ટારઃ) વેદને તેથી 'શ્રુતિ' કહે છે. શ્રુતિ એટલે દિવ્ય રીતે સાંભળેલાં શબ્દો (કવયઃ સત્યશ્રુતઃ) આ સાચી અને શુદ્ધ પરંપરા છે. તે પછી ભાષ્યકારો અને બ્રાહ્મણોએ તેમને કર્મકાંડ માટેના મંત્રો ગણાવ્યા છે, પણ ઉપનિષદકાર તેમને જ્ઞાનકાંડના મંત્રો અર્થાત્ દિવ્ય આધ્યાત્મિક સમજણ આપતાં મંત્રો તરીકે જ ગણતા હતા. ગીતા તો કર્મકાંડાત્મક અર્થની ઝાટકણી જ કરે છે. શ્રુતિને આધ્યાત્મિક જ્ઞાન બાબત પ્રમાણભૂત માનવામાં આવતી હતી.

શું આ આધ્યાત્મિક જ્ઞાન માત્ર અર્થહીન કલ્પના છે?

આધુનિક યુરોપિયન વિદ્વાનો આ પરંપરાને અંધશ્રદ્ધાનો એક પ્રકાર જ માને છે. તેમના મતે.....

૧ વૈદિક ઋષિઓ રાજ-પુરોહિતો પણ હતા. દા.ત. વશિષ્ઠ, વિશ્વામિત્ર વગેરે. તેમને જે જાહેર મોટા યજ્ઞો કરવા પડતા તે માટે તેમણે સૂક્તો લખેલાં છે.

૨ સૂક્તોમાં વિધિવિધાનોના પણ ક્યારેક ઉલ્લેખ આવે છે.

૩ સૂક્તોનો હેતુ સ્પષ્ટ રીતે શત્રુનાશ, ઐશ્વર્યપ્રાપ્તિ વગેરે હોય છે.

૪ સાયણાચાર્ય પણ વૈદિક-સૂક્તોનો કર્મકાંડમાં કેમ ઉપયોગ કરવો તે સૂચવે જ છે.

સારાંશ, સૂક્તોમાં ઊંડો આધ્યાત્મિક અર્થ છે એમ તેમને લાગતું નથી. તેમણે વૈદિક સૂક્તોનો વેદકાલીન ઇતિહાસ, રૂઢિઓ, સંસ્કૃતિ, રાજ્યસંસ્થાઓ, રીતિરિવાજ સમજવા જ ઉપયોગ કરવા માંડ્યો. તે માટે તેમણે વૈદિક શબ્દોના વ્યુત્પત્તિજનક અર્થોને તરોડી-મરોડીને લીધાં. વળી વૈદિક ધર્મ એટલે પ્રકૃતિનાં તત્ત્વોની ભયને કારણે થતી પૂજામાત્ર છે એવો તેમનો પૂર્વગ્રહ રહ્યો. પૂજા યજ્ઞો દ્વારા થતી તેથી યજ્ઞનું મહત્ત્વ તેમને લાગતું હતું. એકંદરે તેમના મતે વૈદિક સંસ્કૃતિ ખૂબ જ પ્રાથમિક અવસ્થાની છે એવું તેમનું માનવું હતું.

શરૂઆત બધા જ ધર્મોની પ્રકૃતિનાં તત્ત્વોના ભય - મિશ્રિત અહોભાવથી જ થયેલ છે એ સાચી વાત છે. તેમાં સૂર્ય, ચંદ્ર, આકાશ, વાયુ, અગ્નિ, જળ વગેરેનો સમાવેશ થતો હતો. દા.ત. ગ્રીસ, રોમ અને ભારતમાં આ પ્રકારના ધાર્મિક વિચારોની શરૂઆત સ્પષ્ટ દેખાય જ છે.

૧ ભારતમાં જેને 'દ્યૌસ્' કહે છે તે જ આકાશ દેવતાને ગ્રીસમાં

જિસસ કહે છે.

૨ ગ્રીસની પેલેસ એથિની એ જ વેદકાલીન ઉષાદેવી.

૩ ગ્રીસના અપોલો એ જ વેદકાલીન સૂર્યદેવતા.

૪ ગ્રીક હેફાએસ્ટસ એ દિવ્યલુહાર વેદકાલીન ત્વષ્ટા અને વિશ્વકર્મા બની ગયા.

પણ સંસ્કૃતિના વિકાસ સાથે દેવોનો ભોતિક અર્થ ઉત્ક્રાંત થઈને વધારે ને વધારે માનસશાસ્ત્રીય કે આધ્યાત્મિક બનતો ગયો, એ પણ હકીકત જ છે. તેમાં ગૂઢવાદી મર્મીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આવા ગૂઢવાદીઓને ગ્રીસમાં ઑફિક અથવા ઍલ્યુસિનિયસ કહેતા. ઈજિપ્ત તથા કેલ્ડિયામાં ધર્મગુરુઓ, ઈરાનમાં મેજાઈ, તો ભારતમાં ઋષિ કહેતાં. આ બધાએ આત્મ-સાક્ષાત્કારને જ મહત્ત્વ આપ્યું અને તેને લગતું પ્રકૃતિના રહસ્ય-સ્વરૂપ વિશ્વજ્ઞાન પણ શોધી કાઢ્યું. તેમણે આ માટેની મંત્રસ્વરૂપ ઉપયોગી પદ્ધતિઓ પણ શોધી કાઢી, જેથી પ્રકૃતિની શક્તિઓ તેમને મદદરૂપ બને.

આ ગૂઢજ્ઞાન કોઈ અયોગ્ય વ્યક્તિના હાથમાં જઈ તેને તથા સમાજને અનિષ્ટરૂપ ન બને માટે ગુપ્ત ગુરુ-શિષ્ય પરંપરા પણ નિર્માણ કરી. મંત્રોનાં ગૂઢ રહસ્યો ફક્ત દીક્ષિતોને જ ખબર રહેતાં.

આવી રીતે ધર્મ અને અધ્યાત્મનો વિકાસ ભારતમાં તેમ જ અન્ય દેશોમાં પણ થએલો છે, તેથી તે ગૂઢજ્ઞાન વૈદિક ઋષિઓનાં આધ્યાત્મિક સૂક્તોમાં ઓછેવત્તે અંશે પ્રગટ થએલું હોવું જોઈએ એવું માનવું સ્વાભાવિક છે. યાસ્કાચાર્ય આ વાતને પુષ્ટિ આપે છે અને ચારસો વૈદિક શબ્દોનાં રહસ્યો વણઉકેલ્યાં જ છે એમ ખાસ જણાવે છે.

તેથી વૈદિક પ્રતીકોનો અર્થ ઉકેલ્યા સિવાય વેદ સમજવો મુશ્કેલ છે એ નિશ્ચિત. વૈદિક ઋષિઓ તો જણાવતા કે જે સત્યદૃષ્ટા હોય તેની સામે મંત્રો પોતાનો ગૂઢ અર્થ સામે ચાલીને પ્રગટ કરે છે. વામદેવ પોતાને આ રીતે સત્ય-પ્રકાશ પ્રાપ્ત થયો છે એમ કહી પોતાને ઋષિ તરીકે ગણાવતા. તે પોતાના શબ્દોને ગૂઢ-શબ્દો (નિન્યાણિ વચાંસિ) કહેતા અને તે મર્મી સામે જ પ્રગટ થશે એમ જણાવતા (કાવ્યાનિ કવયે નિર્વચનાનિ). દીર્ઘતમસ ઋષિ તો જણાવે છે કે આવા સત્ય શબ્દો દેવોના ધામમાં વસે છે જેને તેઓ 'પરમે વ્યોમન્' કહેતા.

તેઓ વાણીના ચાર પ્રકાર પાડતા - પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. માનવો ફક્ત ચોથી વૈખરી ભાષા જ સમજે છે. વેદોની પરાવાણી તેને સમજવી મુશ્કેલ છે. જે આ વાણી જાણતા નથી તેઓ વેદ વાંચવા છતાં આંધળા જ રહેવાનાં છે એમ જણાવતા.

ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો

ભારતીય અસ્મિતાનું જાગરણ

પ્રકરણ - ૨૩

સમજૂતી - માનસિંહ ચાવડા

મૅકોલે ભારતમાંના અંગ્રેજ શાસનને મજબૂત કરવા બે પક્ષીય આયોજન કરીને પોતાની શિક્ષણ પદ્ધતિ શરૂ કરી -

૧ અંગ્રેજ શાસનને જરૂરી અંગ્રેજી જાણનાર કારકુનો તૈયાર કરવા

૨ ભારતીય પ્રજાની પોતાની સંસ્કૃતિની અસ્મિતાને ભાંગી નાંખી અંગ્રેજ સંસ્કૃતિ જ શ્રેષ્ઠ છે એવું શિક્ષણ દ્વારા ઠસાવવું જેથી અંગ્રેજ - શાસન વિરુદ્ધ કોઈ ધર્મ કે સંસ્કૃતિનાં નામે બળવો ન થાય અને ભારતીય વિદ્વાનો અંગ્રેજ શાસનના પુરષ્કર્તા બને.

આમાં તેને આંશિક સફળતા મળી.

પણ તેના વળતા પાણી ભારતીય - ઈતિહાસના સંશોધકો, ધર્મની સાચી સમજણ આપનાર સંતો-મહાત્માઓ અને વિવેકાનંદ, શ્રી અરવિન્દ જેવા સંસ્કૃતિને સાચા પરપેક્ષ્યમાં મૂકનાર મહાપુરુષોથી શરૂ થયા.

ભારતીય ઈતિહાસને તોડી - મરોડીને યુરોપિય વિદ્વાનોએ નીચેની વસ્તુઓ ભારતીય માનસમાં ઠસાવી હતી :

૧ અંગ્રેજોની જેમ આર્યો પણ પરદેશી જ હતાં. અહીંના મૂળ દસ્યુઓ એટલે દક્ષિણ ભારતનાં દ્રવિડવંશી પ્રજાજનો અને આદિવાસીઓ.

૨ વેદો અને પુરાણો વાર્તા અને આખ્યાનોનું કાલ્પનિક સાહિત્ય માત્ર છે, જેનું જીવનમાં કોઈ મહત્ત્વ નથી.

૩ ભારતીયો શૈક્ષણિક અને વૈજ્ઞાનિક - જ્ઞાનમાં તદ્દન પછાત છે. તેમને સુધારવા, સુસંસ્કૃત કરવા એ જ અંગ્રેજોનું કાર્ય છે. તે માટે અંગ્રેજ શાસન જરૂરી છે.

૪ ભારતીય પ્રજામાં અનેક વંશો, ધર્મો, સંપ્રદાયો, રૂઢિ રિવાજો છે, જેમાં કોઈ તાળમેળ નથી. તેથી ભારત એક શંભુમેળો છે. તે રાષ્ટ્ર તરીકે વિકાસ પામ્યું જ નથી.

૫ ભારતીય ઈતિહાસ સાચા અર્થમાં સિકંદરના ભારત આક્રમણથી જ શરૂ થયો. તે પહેલા વન્ય જાતિ - ઉપજાતિઓનો તે વેરવિખેર પ્રદેશ હતો.

આધુનિક ઈતિહાસ સંશોધકો હવે નીચેનાં વાસ્તવિક તથ્યો સામે ધરી રહ્યાં છે, જે

આપણી પુરાતન - સંસ્કૃતિ તરીકેની અસ્મિતાને સાચી ઠરાવે છે.

આ બાબત વિદ્વાનોના નીચેનાં પુસ્તકો મહત્ત્વનાં છે :

૧ પુરાણોમેં વંશાનુક્રમિક કાળ ક્રમ - લેખક - કુંવરલાલ

૨ પ્રોટો હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા - ડૉ. ડી.પી.મિશ્રા

૩ પ્રાચીન ભારતકા પ્રચ્છન્ન ઇતિહાસ - શ્રી અરુણા

પુરાતન કાળમાં આજનું ગંગાનું મેદાન નહોતું. ત્યાં હતો લહેરાતો સમુદ્ર. હિમાલયમાંથી નીચે ઉતરતી પાંચ નદીઓએ (પંચાપાઃ = પંજાબ) ધીમે ધીમે પોતાના ઢસડાઈ આવતા ગાળથી પંચ આપ પ્રદેશ રચ્યો. દક્ષિણ ભારત હજી ઉત્તર ભારતથી જોડાએલું નહોતું. તિબેટ (ત્રિવિષ્ટપ)માં દેવવંશ રહેતો હતો. ઇન્દ્ર તેમનો રાજા હતો. પંજાબમાં ગાંધાર પ્રદેશ (અફગાણીસ્થાન) અને ઉપર કાસ્પિઅન સમુદ્ર સુધી લોકવસતી હતી. આર્યવંશમાં દેવવંશ, દાનવવંશ (અસુર, રાક્ષસ વગેરે) નાગવંશ, ગંધર્વવંશ અને યક્ષકિન્નર વંશ આ પાંચ વંશોનો સમાવેશ થતો હતો, જેમને 'પંચજન' કહેતા. અગસ્ત્યે દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાંના સમુદ્રને હઠાવી ત્યાં નવી ભૂમિ રચવાનો મહાન પ્રયોગ કર્યો, તેથી તેઓ સમુદ્ર પી ગયાં એવી આખ્યાયિકા શરૂ થઈ. તેમણે દક્ષિણ ભારતમાંનો વિંધ્ય વટાવી ત્યાં આર્ય સંસ્કૃતિનો પ્રચાર કર્યો. હિમાલયના તળેટીમાં વસેલાં આર્યોનો પંચનદીને આવેલા મહાપુરમાં નાશ થયો, જેને આજે હડપ્પા અને મોહંજોદરો સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ.

પંચજનમાંના આધ્યાત્મિક જીવનને મહત્ત્વ આપનારાં 'સુર' કહેવાયાં. ભૌતિક-જીવનને મહત્ત્વ આપનારાં અસુર કહેવાયાં. વેદો બધાને માન્ય હતા, ફક્ત તેમનાં ઉદ્દેશ બાબત મતભેદ હતા.

આ સમગ્ર વિકાસ દરમિયાન ઐતિહાસિક દૃષ્ટિએ નીચેનાં કાલખંડ રચાયાં :

૧ અતિપ્રાચીન ઇતિહાસ - ઇ.સ.પૂર્વે ૩૨૦૦૦ થી ઇ.સ.પૂર્વે ૧૪૦૦૦. દાશરાજ્ઞ યુદ્ધથી આ કાળખંડ પૂરો થયો. આ સમયે પાંત્રીસ પ્રજાતિઓ અસ્તિત્વમાં હતી.

૨ પ્રાચીન ઇતિહાસ - ઇ.સ.પૂર્વે ૧૪૦૦૦ થી શરૂ થયો જે ઇ.સ.પૂર્વે ૫૦૦૦ની આસપાસ મહાભારત યુદ્ધથી અંત પામ્યો. આ કાળમાં ૬૦ પ્રજાતિઓ હતી.

આ બન્ને કાળમાં જેમણે સામાજીક-સુધારા અને રાજ્ય-વ્યવસ્થામાં વિકાસ સાધવામાં નેતૃત્વ પૂરું પાડ્યું તેમને ચૌદ મનુઓ કહેવામાં આવે છે. જેમણે સાંસ્કૃતિક વિકાસમાં નેતૃત્વ પૂરું પાડ્યું તેમને વ્યાસ કહે છે. જેમણે ધાર્મિક અને આધ્યાત્મિક વિકાસમાં નેતૃત્વ પૂરું પાડ્યું તેમને પ્રજાપતિ કહ્યાં છે.

આ વૈદિક પ્રથાઓ બુદ્ધધર્મનાં વિકાસ બાદ નાશ પામી અને શ્રમણ પ્રથા દાખલ થઈ.

જે દેવવંશીઓ ધીમે ધીમે અસુર વંશોમાં મળી ગયાં તેમને 'પૂર્વેદેવાઃ' તરીકે વેદો ઓળખે છે. તે વંશમાં જ પ્રહ્લાદ, બલિ, વિરોચન વગેરે નિર્માણ થયાં છે. છતાં દેવો અને અસુરો વચ્ચે સ્વર્ગને જીતવા (તિબેટને) લગભગ બાર દેવાસુર સંગ્રામ થએલાં છે.

આવી વિશાળ આર્યપ્રજા તિબેટ, પંજાબ, પાકિસ્તાન, અફગાણીસ્થાન, બલુચિસ્થાન, કોરમ (કાર્તસ્વર), હિંદુકુશ (સિંધુકોષ)થી માંડી ઠેઠ કાસ્પિઅન સમુદ્ર સુધી ફેલાએલી હતી. સુમેરુ પર્વત (આજનું પામીર = પાશિયન શબ્દ છે જેનો અર્થ છે મીરનો પગ. મીર એટલે શ્રેષ્ઠ લોકો (દેવ લોકો). તેમનો સીમાવર્તી પ્રદેશ એટલે પામીર.

ભારતીય સંસ્કૃતિની મહત્તાની બુદ્ધિનિષ્ઠ સમજણ શ્રી અરવિન્દે પોતાનું પુસ્તક 'ભારતીય - સંસ્કૃતિના પાયા' આ પુસ્તકમાં આપેલ છે.

ભારતીય સંસ્કૃતિની અસ્મિતા જાગૃત કરવી એ ભારતને જાગૃત કરવાનો મૂળભૂત ઉપાય છે. રાષ્ટ્રીય - શિક્ષણનો તે મૂળપાયો બની રહેશે.

(પૃ.૩ ઉપરથી)

પ્રાર્થનાઓ અને ધ્યાન

પાર પાડવાનું રહેશે.

બાયબલમાં કહ્યું છે કે જાગતા રહેજો ! પ્રભુ ક્યારે પણ તમારા દરવાજે ટકોરા મારશે તે ભાગ્યોદયની પળ ચૂકતા નહિ, ગાફેલ રહેતા નહિ, ઝોલાં ખાતાં નહિ.

વળી ઘણા સાધકોને સ્થગિતતાના ગાળામાં તીવ્ર પશ્ચાતાપનો ભાવ જાગે છે. મારાથી કોઈ ગંભીર ભૂલ થઈ ગઈ હશે તેથી જ પ્રભુએ મને તરછોડ્યો છે. આ લઘુતાની ભાવનામાં અટવાતા નહિ. સાધનામાં ભૂલો થશે જ, કારણ આપણે અપૂર્ણ છીએ. પશ્ચાતાપ નહિ પણ ભૂલ સુધારી લો. ફરી ન કરવાનો દૃઢ સંકલ્પ કરો એ સાચો ભાવ છે.

આવી રીતે અખંડ શ્રદ્ધાસભર રહેશો તો અંતે એવી એક પ્રકાશમય અસીમ હૂંફાળી ચેતનામાં તમે પ્રવેશશો, જેને માતાજી 'પ્રભુનું હૃદય' કહે છે. તેમાં પ્રવેશતાં જ બધી ચિંતા, ઉદ્વેગો, અશાંતિ, લઘુતા ધોવાઈ જશે. એક નાનું બાળક જેમ નિશ્ચિંતભાવે માતાના ખોળામાં રમતું હોય તેમ જીવન તમને એક રમતમાત્ર લાગશે - જગન્માતાના ખોળામાંની, પ્રભુના ખોળામાંની !

- માનસિંહ ચાવડા

બ્રહ્મતત્ત્વ અને દેવો

પ્રકરણ-૨૬

બૃહદારણ્યકોપનિષદ (૪-૨) (કુર્ચ બ્રાહ્મણ)

કુર્ચ એટલે ખુરશી. એક વખત યાજ્ઞવલ્કય ફરતા ફરતા જનકના ઘેરે પધાર્યા. જનકે આદર સત્કાર કરી તેમને ખુરશી ઉપર બેસાડ્યાં. બ્રાહ્મણ એટલે બ્રહ્મ વિષેનો સત્સંગ. યાજ્ઞવલ્કયે ખુરશી ઉપર બેસી આ સત્સંગ કરાવ્યો, તેથી આને કહે છે કૂર્ચ બ્રાહ્મણ. 'રાજન્, આપ ઉપનિષદોમાંની વિવિધ સાધના-પદ્ધતિઓ દ્વારા સાધના કરી છે અને સમાહિત ચિત્ત (સમતાયુક્ત ચિત્તવાળા) બન્યા છો; છતાં પૂછું છું : શું આપ મૃત્યુ પછીની આપની ગતિ જાણો છો?

''ના મહર્ષિ''

''તો આપ જાણી લો. જમણી આંખ દ્વારા (આધ્યાત્મિક સમજણ દ્વારા) જે ચેતનાનું તેજ પ્રગટ થાય છે તેને સાંકેતિક ભાષામાં ઇન્ધ અથવા ઇન્દ્ર કહે છે. દેવોની ભાષા કાયમ સાંકેતિક હોય છે. ઇન્દ્ર એટલે આપણા શરીરમાંનું શુદ્ધ મન દ્વારા પ્રગટતું આત્મતત્ત્વ. તેનો પ્રત્યક્ષ અનુભવ આવતા સાધક બોલે છે. ઇદમ્ દૃષ્ટઃ (આને મેં જોયો) તેનો સાંકેતિક શબ્દ છે ઇન્દ્ર.

ડાબી આંખમાં (ભૌતિક જીવનની સમજણ) જે ચેતનાનો પ્રકાશ છે તે ઇન્દ્રની પત્ની 'વિરાટ'છે. વિરાટ એટલે અનંત શારીરિક કોષોનું બનેલું આ અન્નમય શરીર. આ બન્નેનું જોડાણ કેન્દ્ર આપણું ચિત્ત છે. તેમાં અનુભવાતા ચિદાકાશમાં જ ઇન્દ્ર અને વિરાટનો સંયોગ થાય છે (ત્યારે બન્નેમાંથી 'ઓજસ' (વિદ્યુતશક્તિ) પ્રગટે છે. તે જ હિતા નાડીમાંથી પસાર થઈને શરીરને પોષણ પૂરું પાડે છે.

ઇન્દ્ર એટલે પુરુષ, વિરાટ એટલે પ્રકૃતિ. આ બન્નેનું સંવાદમય કાર્ય જ દિવ્ય જીવન સર્જે છે. દિવ્ય-જીવનમાં સાધક પોતાને વિશ્વવ્યાપી ચેતના તરીકે, આત્મા તરીકે અનુભવે છે અને તેથી નિશ્ચિંત થઈને અભય પદને પામે છે. હે જનક, તને આ આત્મતત્ત્વનો અનુભવ હોવાથી તને તો અભયપદ મળેલું જ છે.''

સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રમાણિક કેદીઓ

(પેજ - ૧૦૩-૧૦૪)

દક્ષિણ અમેરિકાના ગિયાના રાજ્યમાંના મારોનીના ઉત્તર પ્રદેશમાં સોનાનો એક વેપારી રહેતો હતો. તેણે બે મુક્ત કરેલા કેદીઓ નોકરીમાં રાખ્યાં હતાં. વેપારી સોનાવાળી રેતીમાંથી જુદું કરેલું કાચું સોનું દર વર્ષે ભેગું કરતો અને વર્ષનાં અંતે આ કેદીઓને આવી બજારમાં વેંચવા મોકલતો. બજારમાં જવા નદીમાંથી હોડીથી ત્રીસ દિવસનો પ્રવાસ કરવો પડતો.

મુક્ત કરેલા કેદીઓને પોતાના વતન જવાની છૂટ નહોતી. તેમને જણાવેલા પ્રદેશમાં જ તેમણે રહેવું પડતું. મોટાભાગે તેમની જિંદગી આમ વતનથી બહાર જ પૂરી થઈ જતી. ગિયાનાનો પ્રદેશ વસ્તી વિનાનો અને વણખેત્યો પ્રદેશ હતો. ઝાબ વૃક્ષનાં ગાઢ જંગલોથી તે છવાએલો હતો, તેથી તાવ અને ભૂખમરાથી જ આવા કેદીઓ મરી જતા. તેથી કેદીઓને નાસી જઈ પોતાના વતન પહોંચવાની તાલાવેલી રહેતી.

પેલા બન્ને કેદીઓના મનમાં પણ આ જ વિચાર રમી રહ્યો હતો. તક જોઈ તેઓ નદીના ડચ વિસ્તારમાં ભાગી ગયાં. પણ તેઓ માલિકને છેહ આપવા તૈયાર નહોતા. તેમણે સોનું સલામત જગ્યાએ દાટ્યું અને માલિકને પત્ર દ્વારા સ્થાન જણાવ્યું અને ચાલ્યાં ગયાં. માલિકને પત્ર મળતાં તેણે જણાવેલ જગ્યાએ ખોદાવ્યું તો સોનું પૂરેપૂરું નીકળ્યું.

કેદીઓનું હૃદય શુદ્ધ સોના જેવું શું નહોતું ?

ઉત્ક્રાંતિ

શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા)

અવતરણો - પ્રકરણ -૧

(ઉત્ક્રાંતિ - પૃ.૧-૭)

૧ સર્વ વસ્તુઓ એ હકીકત પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે કે ખરેખર એ રીતની ઉત્ક્રાંતિ થઈ રહી છે અને એ ઉત્ક્રાંતિ કેવળ ભૌતિક નથી પણ આધ્યાત્મિક છે. પૃ.૧

૨ હિંદુ ધર્મમાં દશાવતારની જે માળા આવેલી છે એ પોતે જ જાણે એક વિકાસક્રમની એક વાર્તા છે. પૃ.૧

૩ વૈજ્ઞાનિક સિદ્ધાંતનો સંબંધ કેવળ બાહ્ય અને પ્રત્યક્ષ તંત્રરચના (શરીરરચના) અને (તેની) પ્રક્રિયા સાથે રહે છે. પૃ.૨

૪ વિકાસમાં એક ક્રમબદ્ધ જરૂરી પરંપરા આવી રહેલી છે. પ્રથમ જડતત્ત્વનો વિકાસ થાય છે, પછી જડતત્ત્વમાં પ્રાણનો વિકાસ થાય છે, પછી..... મનનો વિકાસ થાય છે. પૃ.૩

૫ જીવનતત્ત્વનું ઉત્ક્રાંત થઈને મન પ્રત્યે ખુલ્લાં થવું , મન ઉત્ક્રાંત થઈને પોતાના પ્રકાશ અને ક્રિયાનાં આત્મા પ્રત્યે ખુલ્લાં થવું, આત્માનું મનની મર્યાદિત શક્તિઓથી આધ્યાત્મિક સ્વરૂપની ભવ્ય પ્રકાશ-લીલાઓની અનંતતાઓ પ્રત્યે ઉત્ક્રાંત થવું; એ સર્વ દ્વારા (આત્માના) વિશાળતર અને સૂક્ષ્મતર..... સીમાડાઓના વધુ ને વધુ પ્રમાણમાં સંકેત મળતા જાય છે. પૃ.૫

૬ મનની પેલેપાર ચેતનાની ઊર્ધ્વતર એવી શક્તિઓ આવી રહેલી છે જેઓ..... આ સર્જક લીલામાં પોતાનો ભાગ ભજવવાનો વારો આવે તેની રાહ જોઈ રહી છે. પૃ.૬

૭ ઉત્ક્રાંતિ થાય તે પહેલાં એક જરૂરિયાત તરીકે ભાગવતતત્ત્વ તિરોભૂત થઈ જવાની ક્રિયા બની હોવાનું અનિવાર્ય છે. પૃ.૬

૮ કોઈ શાશ્વત અને દિવ્ય વસ્તુઓ પોતાની જાતને તિરોભૂત કરીને ભૌતિક પદાર્થની શક્તિ અને રૂપોમાં સંતાડેલી છે. પૃ.૬

૯ આ પાર્થિવ-જીવન એ મહાન પ્રભુએ પોતે પસંદ કરેલો નિવાસ છે. પૃ.૭

જગતની ઉત્ક્રાંતિનું સ્વરૂપ

સમજૂતી - માનસિંહ ચાવડા

માનવને મનમાં એક પ્રશ્ન થાય જ છે : આ જગત છે એવું જ પહેલાં હતું, હાલ છે અને ભવિષ્યમાં રહેવાનું છે કે તેમાં દેખાતાં પરિવર્તનોમાંથી વિકાસ સધાઈને કોઈ નવું વિકસિત તત્ત્વ પ્રકટ થવાનું છે ? તેમાંનાં પરિવર્તનો પુનરાવર્તન માત્ર છે કે તે કોઈ ઉત્ક્રાંતિ સાધવાના પ્રયત્નો છે ? જગત તરફ ધ્યાનથી જોતાં લાગશે કે અહીં અચેતન જડ પદાર્થમાંથી વધારે ને વધારે પ્રગત ચેતન ધરાવતા પ્રાણીઓ વિકાસ પામી રહ્યાં છે એ ચડતા ક્રમની સીડી ઉપર આપણે પ્રાણીઓને ગોઠવી શકીએ છીએ.

બીજું, ઉત્ક્રાંત અને વિકાસ ફક્ત ભૌતિક કક્ષાએ મર્યાદિત પણ લાગતો નથી, પણ માનસિક સ્તરે પણ થઈ રહ્યો છે અને તેથી પણ આગળ જઈને આધ્યાત્મિક અર્થાત્ આત્મિક સ્તરે પણ થઈ રહ્યો છે.

જો ઉત્ક્રાંતિમાં વિકાસ સધાતો હોય તો આપણી સામે નીચેના પ્રશ્નો નિર્માણ થાય છે : એ વિકાસની નિશ્ચિત પદ્ધતિ કઈ છે અર્થાત્ ઉત્ક્રાંતિની પ્રક્રિયા શું છે ? તે પ્રગતિ પાછળનું મૂળ ધ્યેય શું છે ? અર્થાત્ તેનું લક્ષ્ય શું છે ? આવા વિકાસના ક્રમશઃ તબક્કાઓ અથવા અવસ્થાઓ કઈ છે ?

અવતારવાદ :

પ્રશ્ન એ થાય છે કે જગત વિકાસ પામી રહ્યું છે. તેની કલ્પના પ્રાચીન ભારતીયોને હતી કે નહીં. પણ ભારતીય પરંપરામાં માન્ય અવતારવાદની કલ્પના જોતાં તેમને ઉત્ક્રાંતિ અને વિકાસની કલ્પના હતી એવું લાગે છે.

હિંદુ-ધર્મમાંની દશાવતારની કલ્પના જ આ વિકાસક્રમ જણાવવા રચાઈ છે એવું લાગે છે. મત્સ્યાવતાર એટલે પૃથ્વી ઉપર જળચર પ્રાણીઓનો આવિર્ભાવ. કુર્માવતાર એટલે જળચર-સ્થળચર આમ ઉભયચર પ્રાણીનો આવિર્ભાવ. તે પછી જમીન ઉપરનું નિમ્ન પ્રાણશક્તિથી સંચાલિત પ્રાણી એટલે વરાહવતાર. તે પછી ઉચ્ચ, ઉમદા, પ્રાણ-શક્તિથી સંચાલિત આદિ-માનવ સ્વરૂપ નૃસિંહાવતાર (નિંડરથાલ વગેરે વન-માનુષો). તે પછી શારીરિક નબળું બંધારણ ધરાવતા વેંતિયા-માનવો (પિગ્મી) સ્વરૂપ વામનાવતાર. તે પછી રાજસિક સ્વભાવ ધરાવતા માનવો સ્વરૂપ પરશુરામવતાર. તે પછી સાત્ત્વિક સ્વભાવ ધરાવતા માનવો સ્વરૂપ રામાવતાર. તે પછી અહંકારથી ઉપર ઊઠી સક્રિય વિશ્વ-ચેતના ધરાવતા

કૃષ્ણાવતાર. તે પછી અહંકારથી ઉપર ઊઠી નિષ્ક્રિય વિશ્વ-ચેતના ધરાવતા બુદ્ધાવતાર.

કલ્કિ અવતારનું પણ રહસ્ય છે. કલ્ક એટલે ખરલ. ખરલમાં જેમ વિવિધ વસ્તુઓને ઘૂંટીને એકરસ-એકરૂપ કરી દેવાય છે, તેમ ઉપરની બધી અવસ્થાઓને એકરૂપ-એકરસ કરીને સર્વાંગી પૂર્ણ વિકસિત ચેતના ધરાવતો કલ્કિ-અવતાર.

આ અવતારોમાં મત્સ્યથી વામન સુધીનાં પાંચ અવતારો શારીરિક વિકાસ દર્શાવે છે. પરશુરામ અને રામાવતાર માનસિક વિકાસ દર્શાવે છે; જ્યારે કૃષ્ણ, બૌદ્ધ અને કલ્કિ આધ્યાત્મિક વિકાસ દર્શાવે છે.

ભૌતિક વિજ્ઞાનનો સિદ્ધાંત :

ભૌતિક વિજ્ઞાનમાં પ્રાણીઓનાં રૂપોના વિકાસનો સિદ્ધાંત ઉપર જણાવેલાં સર્વાંગી વિકાસ પૈકી ફક્ત ભૌતિક - વિકાસનો જ વિચાર કરે છે. તેની દૃષ્ટિએ માનસિક અને આધ્યાત્મિક વિકાસ તેના ક્ષેત્રની ઘટના નથી. તેથી ઉપરના અવતારવાદે ભૌતિક વિજ્ઞાનના સિદ્ધિાંતોનો આધાર લેવો જરૂરી જ છે એમ નથી. પણ ભૌતિક વિકાસને વધારે સમજવા તે મદદરૂપ જરૂર થશે. બીજું, વિજ્ઞાનનાં સિદ્ધાંતો ઘણી વખત નવા સિદ્ધાંતોની શોધો સાથે બદલાતા જ જાય છે, તેથી ભૌતિક વિજ્ઞાનનો સિદ્ધાંત વધારે શોધોથી કદાચ આધ્યાત્મિક ઉત્ક્રાંતિવાદને અનુરૂપ ગોઠવાઈ પણ જવાની શક્યતા છે.

ચેતનાની ઉત્ક્રાંતિ એ ઉત્ક્રાંતિના સિદ્ધાંતનું કેન્દ્ર છે. ચેતનાની ઉત્ક્રાંતિ માટે જ શારીરિક ઉત્ક્રાંતિની આધાર તરીકે પ્રથમ જરૂર પડે છે. તે આધાર થયા પછી માનસિક - ઉત્ક્રાંતિની ઝડપ વધી જાય છે અને સમજણ-શક્તિ કેળવાય છે. તે સમજણ-શક્તિ કેળવાતાં જ આધ્યાત્મિક વિકાસનો ત્રીજો અને અંતિમ તબક્કો શરૂ થતો જણાય છે.

ભૌતિક વિજ્ઞાને ભૌતિક વિકાસના દેખાતા કુદરતના સિદ્ધાંતો શોધવાનો પ્રયત્ન કરેલ છે. તેમાંનો પ્રાકૃતિક પસંદગીનો નિયમ, જીવન માટેના સંઘર્ષનો નિયમ, અને ત્રીજો, પ્રાપ્ત કરેલી ખાસિયતોના પુનરુજ્જીવનનો નિયમ - આ ત્રણેને તેઓ ખૂબ મહત્ત્વ આપે છે.

પ્રકૃતિ અનેકવિધ પ્રયોગો કરી અનેકવિધ પ્રાણીઓ સર્જે છે. સમસ્યા દરેક પર્યાયાનુસાર પ્રાણી સર્જે છે. તે પ્રાણીઓ પૈકી જે બાહ્ય વાતાવરણમાં ટકી રહેવામાં યશસ્વી થાય છે તે ટકી જાય છે. જે ટકી શકતા નથી તે પ્રાણીઓ નાશ પામે છે. પ્રકૃતિ તે પ્રયોગ બંધ કરી દે છે. આ રીતે કુદરત જે યોનિઓની પસંદગી કરતી હોય છે તેને

પ્રાકૃતિક પસંદગીનો નિયમ કહે છે.

ઘણી વખત ત્રણચાર પર્યાયો પૈકી બે કે વધુ પર્યાયના પ્રાણીઓ બચી જાય છે. કુદરત તેમને જીવવા દે છે, પણ જગતમાં જીવનને ટકાવી રાખવા જે સંઘર્ષ ખેલવો પડે છે ત્યારે તેમાંથી વધારે નબળાં પ્રાણીઓ પોતાની મેળે નાશ પામતાં જાય છે. વળી જગતને અનુરૂપ થવા પોતામાં રહેલ બાહ્ય વાતાવરણને અનુરૂપ થવાની ક્ષમતા પણ કસાય છે. તેમાં જે શ્રેષ્ઠ પુરવાર થાય છે તે જ ટકે છે. આને જીવન માટેના સંઘર્ષનો નિયમ કહે છે.

જીવન-સંઘર્ષ દરમિયાન જે ખાસિયતો - ગુણો પ્રાણીઓએ વિકસાવ્યાં હોય તે વારસાગત રીતે સંક્રાંત કરવામાં આવે છે અને તે ખાસિયતો નવા જન્મેલાં પ્રાણીઓમાં જન્મજાત જ્ઞાન અને ખૂબીઓ તરીકે પ્રકટ થાય છે. આ ગુણ-સાતત્ય ટકાવી રાખવાના નિયમને ખાસિયતોના પુનરુજ્જીવનનો નિયમ કહે છે. વિસરાયેલી ખાસિયતો પ્રાણીમાં પ્રસંગ નિર્માણ થતાં જ તાત્કાલિક પ્રકટ થવાં લાગે છે. આ પણ પુનરુજજીવનનો જ પ્રકાર ગણાય છે.

ઉત્ક્રાંતિની પ્રક્રિયા :

આ પૃથ્વી ઉપર જીવન પ્રકટ જ થયું ન હોત તો આ ગ્રહ એક વેરાન રણ તરીક જ બની ગયો હોત. જીવન-શક્તિ જ વનસ્પતિ, જંતુ, પ્રાણી, માનવસ્વરૂપે આ પૃથ્વી ઉપર પ્રકટ થઈ રહી છે. જીવન છે માટે જ જીવંત સૃષ્ટિ છે.

જીવનનો ઉદ્દેશ્ય : આનંદ :

બીજું, આ જીવનના આર્ભિાવનો કોઈ ઉદ્દેશ્ય જ ન હોત તો જીવન અર્થહીન ક્રિયાઓ બની જાત. પણ જીવનનો કોઈ ઉદ્દેશ્ય છે. તે ગુપ્ત અને ગૂઢ સ્વરૂપે રહે છે, તેથી જીવન કોઈ વસ્તુ શોધી રહ્યું છે; એવું જ આપણને લાગે છે. તે હેતુની ઝલક ન દેખાય તો જીવન-શક્તિ નિરાશ થઈ જાય છે. અથવા અસ્વસ્થ અને અસંતુષ્ટ થઈ જાય છે. જીવન જે તત્ત્વ શોધી રહ્યું છે તે છે આનંદ. તેને આનંદ મળતાં જ તે તેમાં રસ લઈને પ્રસન્ન બની જાય છે. પણ આનંદની પણ એકથી એક ઉચ્ચ કક્ષાઓ હોય છે. શારીરિક આનંદથી માંડી આત્માના આનંદ સુધીની કક્ષાઓ હોઈ શકે છે. વળી ક્ષણિક આનંદથી સનાતન આનંદ સુધીની પણ કક્ષાઓ હોઈ શકે છે. ઉપનિષદોમાં આવા આનંદની એકથી એક વધારે ટકાઉ અવસ્થાઓનું વર્ણન જોવા મળે છે.

જીવનશક્તિનો વિકાસ :

જડ પદાર્થો દ્વારા જ જીવન પ્રકટ થાય છે. જીવન-શક્તિ જેમ જેમ વિકસતી જાય છે તેમ પ્રાણીના એકથી એક શ્રેષ્ઠ તત્ત્વને પોતાના માધ્યમ બનાવીને પોતાના

સ્વભાવને વધારેમાં વધારે સારી રીતે પ્રકટ કરતી હોય છે. શરૂઆતમાં જીવન-શક્તિ શરીરના વિકાસમાં અને તેની સંકુલ રચના કરવામાં વપરાય છે. તે રચનાનો અમુક કક્ષા સુધી વિકાસ સધાયા પછી તે ભૌતિક અને શારીરિક વિકાસ કરતાં ભાવનાઓના વિકાસમાં પ્રયોજાય છે. વિવિધ ભાવનાઓ કેવી રીતે પ્રકટ કરવી તેની મુદ્રાઓ, ભાવાવેશો રચાય છે. આ જીવન-શક્તિનો પોતાને વ્યવસ્થિત પ્રકટ કરવાના પ્રયત્ન સ્વરૂપ હોય છે.

તે પછી મનને માધ્યમ બનાવે છે. વિચાર, ચિંતન, આયોજનની ક્ષમતા તે મેળવે છે.

પણ મનની પણ પેલી પાર ઊર્ધ્વ-ચેતનાનાં સ્તરો આવેલાં છે, જે હજી જીવન દ્વારા પ્રકટ થએલાં નથી. હવે જીવન-શક્તિ તેમને પ્રકટ કરવા મથી રહી છે. આ જ ઉત્ક્રાંતિનો નવો તબક્કો બની જવાનો છે.

વિકાસનો હેતુ:

આ બધો વિકાસ એ કાંઈ અકસ્માત કે યાંત્રિક પરિણામો નથી પણ આપણા અચેતનમાં પ્રવેશીને હજી સુપ્ત અને ગુપ્ત રહેલી કોઈ દિવ્ય-શક્તિનું પોતાને પ્રકટ કરવામાં જ આનંદ મેળવવાના પ્રયત્ન સ્વરૂપ છે.

પૃથ્વી ઉપર જે સમસ્યાઓ છે અને ભવિષ્યમાં પણ જે નિર્માણ થશે તે બધાંનો જ ઉકેલ આ રહસ્યમાં છે. નિગૂઢ આત્મ-શક્તિનો મુક્ત આવિર્ભાવ, પૂર્ણ આવિર્ભાવ એ જ બધી સમસ્યાનો જડમૂળ સાથે નાશ કરવાનો ઉપાય છે. કારણ સમસ્યાનો અર્થ જ છે તે દિવ્ય-ચેતનાના આવિર્ભાવમાં થતો અવરોધ. તે અવરોધ જ આપણને સમસ્યા તરીકે અનુભવાય છે.

(પૃ.૪૫ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

શરીર કહે છે કે 'પ્રભુ હું તમારું કરણ છું, દાસ છું. જે બનાવવા માગશો તે બનીશ. કરાવવા માંગો તે કરીશ, આ સીધોસટ પ્રત્યક્ષ અનુભવ છે. સત્ય ચેતનાની સ્થિતિ છે. આ નથી બુદ્ધિએ સમજીને રચેલી ભૂમિકા કે નથી કોઈ મૂર્ખતાનો સમજણ વગરનો પ્રકાર. આવા વિચારો એ બધા નિમ્નકક્ષાનાં મનનાં શંકાશીલ પ્રદેશોમાં થતી ઘટનાઓ છે, આ મનસાતીત અવસ્થામાં નહીં.

આ છે સાચી નિર્ભરા ભક્તિ. આ છે પ્રભુના નિમિત્ત બનવાનો કર્મયોગ. આ છે પરમ-ચેતનાથી સંચાલિત જીવનનો જ્ઞાનયોગ. ત્રણેનો સમન્વય થઈ રચાયેલી આ વિજ્ઞાનમય ચેતના છે.

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જાન્યુઆરીનાં ૨૦૧૧ના Next Futureનો ભાવાનુવાદ - સાભાર)

વિતેલું વર્ષ

સમજૂતી - માનસિંહ ચાવડા

તમે તમારી આજુબાજુ જોશો તો તમે સદા પરપોટાઓથી ઘેરાયેલાં જણાશો. વિવિધ આકારનાં - નાનાં મોટાં - કોઈ શિયાળામાંનાં ધુમ્મસ જેવા અપારદર્શક, જાણે - ચેતનાવિહીન, કોઈ ચોમાસાનાં કાળા ડિબાંગ-વાદળાં જેવા કાળાભંમર. કોઈ શ્વેત ચમકદાર. તો કોઈ મેઘધનુષી ! આ પરપોટાં આપણા જીવનની ઘટનાનાં હોય છે. આપણા વિચારો, ભાવનાઓ, યાતનાઓ, આશાઓ, પ્રેમ અને આશંકાઓનાં, દુઃખો અને સુખોનાં. તેનાં રંગ આ ભાવો અનુસારનાં હોય છે. જીવનમાં અપાતા મહત્ત્વાનુસાર તેના આકારમાં વધઘટ થાય છે. ઘણા પરપોટાંને આપણે ફોડી નાંખવા ઇચ્છીએ છીએ, ઘણાંને સાચવી રાખવા અર્થાત્ તે પણ ફૂટી જવાનાં તો છે જ ! કોઈ પરપોટો ટકવાનો નથી જ.

પણ આપણે એક વસ્તુનો પ્રયત્ન કરી જોવા જેવો છે. પોતાને તે પરપોટામાં મૂકી જુઓ. તેની મર્યાદામાં જ આપણે વિચારીએ છીએ, અનુભવીએ છીએ અને તેના રંગ આપણે જ પૂરીએ છીએ. જો આપણે ગુસ્સો અવસાદ, શંકા ભયગ્રસ્ત હશું તો તે કાળાં અને ઉદાસ ભાસશે. આવા પરપોટામાં તો આપણે રહી જ નહિ શકીએ. જો તમારા વિચાર અને કર્મો આનંદદાયક, વિકાસ-લક્ષી, ઉત્સાહજનક તો તે પરપોટો સૂર્યપ્રકાશિત લાગશે. આપણે ઇન્દ્રધનુષ બનશું, પ્રયત્ન કરો. આખું વર્ષ આ કરવા માટે છે જ.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

શરીરની પૂર્ણતાની જરૂરિયાત

પ્રકરણ - ૫

(Light for students - P. 38-44)

૧ લોકો રમતગમતને મનોરંજનનું સાધન, જીવનમાંની વધારાની શક્તિ વાપરવાનું સાધન, નૈસર્ગિક પ્રવૃત્તિ, શરીરને નિરોગી રાખવાનું સાધન તરીકે ગણે છે; પણ તે શિસ્ત, શાંતિ કે યુદ્ધ કાળે જરૂરી ગુણો, સહકારી ભાવના અને સંઘ-શક્તિ વિકસાવવાનું પણ સાધન છે એ ભૂલી જાય છે. પૃ.૩૮

૨ આરોગ્ય, શક્તિ અને યોગ્યતાના આધાર તરીકે શરીરને વિકસાવવા ઉપરાંત શિસ્ત, સહનશીલતા, ધીરજ, મજબૂત ચારિત્ર્ય વિકસાવવાનું પણ તે સાધન તરીકે ગણવું જરૂરી છે.પૃ.૩૮

૩ તે સાહસ, વિપરીત પરિસ્થિતિમાં પણ હતાશ ન થવું, જીવનની કઠોરતામાં સમતા, ઉત્સાહી કાર્ય, નેતૃત્વ, સ્થિરતા, દૃઢ સંકલ્પ, તાત્કાલિક નિર્ણય અને ખેલદિલી, આપત્કાલિન પરિસ્થિતિને તરત સમજવાની ક્ષમતા પણ વિકસાવે છે. પૃ.૩૮

૪ તે શરીરની સ્વતંત્ર ચેતનાને વિકસાવે છે એ તેનું સહુથી મહત્ત્વનું પ્રદાન છે. પૃ.૩૯

૫ શરીર, કરકસરયુક્ત શ્રમ અને શક્તિ સાથે તાત્કાલિક અને સમગ્ર શરીરમાં સુસંવાદમય ક્રિયા કરે છે. પૃ.૩૯

૬ રમતને કારણે નિયમોનું ચુસ્ત-પાલન, સ્પર્ધક પ્રત્યે પણ સમભાવ, નિયમ બાહ્ય ઉપાયો યોજવામાંથી નિવૃત્તિ આપેલા નિર્ણયોનો સ્વીકાર વગેરે ગુણો પણ વિકાસ પામે છે.

૭ આપણે પરમ-ચેતનાને આપણામાં ઉતારી તેને પ્રગટ કરવા માગીએ છીએ. આ પ્રવૃત્તિનો આધાર આપણું શરીર છે. તેને શારીરિક કસરતોથી સુદૃઢ કરી ઉપર મુજબ વિકસાવવું જરૂરી છે. તે માટે શક્ય હોય તો સવારે અર્ધો એક કલાક સ્નાયૂ, સાંધા, કરોડરજ્જુનો વ્યાયામ કરવો જોઈએ. પૃ.૪૦

૮ તેથી બાળકના બાલપણમાં જ અવયવોના નિયમિત વિકાસ માટે કસરત અને

રમતગમતની ટેવ પાડવી જરૂરી છે. પૃ.૪૦
૯ બાળ-શિક્ષણમાં પણ તેને મહત્ત્વ આપી સમય ફાળવવો જરૂરી છે. પૃ.૪૦
૧૦ દવાદારુ જરૂર હોય તો જ કરવાની ટેવ રાખવી જોઈએ. પૃ.૪૦
૧૧ શારીરિક - શિક્ષણમાં વ્યક્તિના વિકાસને જ કેન્દ્રમાં રાખવો જોઈએ. પૃ.૪૧
૧૨ શરીરને નિયમિત અને જરૂરી અન્ન, વ્યાયામ, આરામ અને ઊંઘ વગેરે આપવા જોઈએ. પૃ.૪૧
૧૩ બાળકોને પ્રયત્ન માટે પ્રોત્સાહિત કરવા માટે રમતગમત, સ્પર્ધા, ટુર્નામેન્ટ વગેરે યોજવાં જોઈએ, જેથી તેની કસરત પ્રત્યેની અરુચિ નષ્ટ થાય. પૃ.૪૨
૧૪ નૈતિક શિક્ષણ માટે પણ શારીરિક - શિક્ષણ જરૂરી છે. પૃ.૪૨
૧૫ મજબૂત ચારિત્ર્ય નિર્માણ માટે રમત દરમિયાન આત્મસંયમ અને પરિણામ પ્રત્યે અનાસક્તિ વિકસાવવાની તાતી જરૂર છે. પૃ.૪૨
૧૬ બેધ્યાનપણે રમાતી રમત એટલે સમયનો દુરુપયોગ છે. પૃ.૪૩
૧૭ જીતવા માટે રમવા કરતાં કૌશલ્ય વિકસાવવા રમવું શ્રેષ્ઠ છે. પૃ.૪૩
૧૮ શરીર પાસેથી પરાણે કામ લેવું સારું નથી. શરીરનો તાલ સાચવી કામ લેવું મહત્ત્વનું છે. મન અને પ્રાણ પોતા માટે શરીરનું શોષણ કરે છે. પૃ.૪૪
૧૯ આળસુ શરીર માટે જ પરાણે મર્યાદિત કામ લેવું હિતાવહ છે. પૃ.૪૪

(પૃ.૧૬ ઉપરથી)

માનવવિકાસ ચક્ર

સમજ માટે જરૂરી ભાષા વિકસાવે અને તે આવી અનુભૂતિઓને તેના મૂળસ્વરૂપે પરંતુ સરળ અને સુબોધ બનાવે. પરંતુ શ્રી અરવિન્દ ચેતવે છે કે આધ્યાત્મિક અનુભૂતિઓને તર્કવાદી વ્યક્તિની સામાન્ય ભાષાની મદદથી સમજી કે સમજાવી શકાશે નહીં.

શ્રી અરવિન્દ એવા તારણ પર પહોંચે છે કે તર્કબદ્ધ વ્યક્તિએ કોઈપણ નિર્ણાયક ભૂમિકા ભજવવાની હોય તો તે માત્ર બૌદ્ધિક તર્કની મદદથી ભજવી નહીં શકે. તેનો તર્ક અંતર્જ્ઞાનયુક્ત હોવો જોઈએ. તેમાં હંમેશા આંતરદૃષ્ટિ અને આધ્યાત્મિકતાનો અંશ હોવો જરૂરી છે. શ્રી અરવિન્દ આપણું ધ્યાન એ બાબત તરફ દોરે છે કે ધર્મની ભાષા અંતર્જ્ઞાનયુક્ત હોય છે. તેના ઉપયોગથી ધર્મ દુર્બોધ બની જશે એવા ભયથી જો ધર્મમાંથી અંતર્જ્ઞાનયુક્ત ભાષા અને પ્રતીકો કાઢી નાખવામાં આવશે તો ધર્મ દરિદ્ર બની જશે.

વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

આખ્યાન રહસ્ય

અવચેતનના હુમલામાંથી મુક્તિ

પ્રકરણ - ૩

સાધનામાંના અવચેતનના હુમલા નિવારવા શરીરમાં જ યજ્ઞ કરી પ્રજાપતિએ ઋષિઓનું સર્જન કરવાનો નિર્ણય લીધો હતો. તેમણે દિવ્ય-જીવન નિર્માણના યજ્ઞને આગળ ધપાવવા બે ઋષિ નિર્માણ કરવાનો નિર્ધાર કરી તે માટે વિશ્વદેવોની મદદ લઈ યજ્ઞ શરૂ કર્યો.

યજ્ઞના અંતે જ્યારે પૂર્ણાહુતિ થઈ ત્યારે યજ્ઞના વેદીમાંના સુવર્ણમય અગ્નિમાંથી ભૃગુ ઋષિ પ્રગટ થયા. લાલઘૂમ અંગારામાંથી અંગિરા ઋષિ. શ્રી સરસ્વતીના આગ્રહથી ત્રીજા ઋષિ સૂર્ય પ્રકાશમાંથી નિર્માણ થયાં. તે અત્રિ ઋષિ. ભૃગુ ઋષિએ શ્રીવિદ્યા શોધી કાઢી તો અંગિરસ ઋષિએ આંગિરસવિદ્યા. અત્રિએ અંતરાત્મા જે ત્રણે ગુણોથી મુક્ત છે એવા આત્મ-તત્ત્વની ઉપાસના શોધી કાઢી. કથા આમ છે : હિમાલયના તળેટીમાં ગોમતી નદીના કિનારે અત્રિનો આશ્રમ હતો. એક વખત અત્રિ સોમયાગ કરી રહ્યાં હતાં ત્યાં અનેક દેવો સોમપાન માટે બોલાવેલાં, પણ બધાંનાં ચેહરા ગંભીર હતાં. અત્રિને આશ્ચર્ય થયું !

‘‘દેવો, આપ અશાંત કેમ છો ? શું સોમરસ ન ગમ્યો ?’’

‘‘ના ઋષિવર, સોમરસ તો અત્યંત મધુર જ છે.’’

‘‘તો મન પર ભાર શેનો છે ?’’

દેવો ક્ષણભર મૌન રહ્યાં પછી બોલ્યાં,

‘‘ઋષિવર, આપનું આમંત્રણ આવતા જ અમે આપનું માન જાળવવા આવી પહોંચ્યા છીએ, પણ સ્વર્ભાનુ રાક્ષસે સૂર્ય ઉપર હુમલો કરવાનો નિર્ણય લીધો છે. તેણે સ્વર્ગ પણ કબજે કરવાનો નિર્ણય લીધો છે, તેની અમને ચિંતા છે.’’

‘‘આપ નિશ્ચિંત થઈ સોમપાન કરો. હું મારા તપોબળથી સ્વર્ભાનુને પહોંચી વળીશ.’’

દેવોને આશ્વાસન મળ્યું,

થોડી વારમાં સૂર્ય ઉપર ઘોર અંધકાર છવાયો. સૂર્યગ્રહણ શરૂ થયું હતું. તે જ સ્વર્ભાનુનો હુમલો હતો.

અત્રિએ અગ્નિને ચેતવ્યો. મંત્રોચ્ચાર શરૂ થયો. થોડી જ વારમાં સૂર્યગ્રહણ છૂટ્યું.

દેવોને રાહત મળી.

આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છે :

વેદોમાં સૂર્ય એટલે વ્યક્તિમાં રહેલ ચૈત્યપુરુષ - વ્યક્તિગત આત્મતત્ત્વ. તેનો શરીરમાં ફેલાતા રતુમડા પ્રકાશને જ 'અંગિરા' કહે છે. તે જ અગ્નિ છે. શરીર બહાર જે સુવર્ણમય અંડાકૃતિ વલય રચાય છે, તેને 'ભર્ગ' કહે છે; તેને જ 'ભૃગુ' કહેવાય છે. તે પ્રકાશ સહસ્રાર ચક્રના છિદ્રમાંથી વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે તેથી તેને ભર્ગ કહે છે. ભગ એટલે છિદ્ર, ભર્ગ એટલે છિદ્રમાંથી પ્રવેશતો દિવ્ય પ્રકાશ. તે જ ભૃગુ છે.

વ્યક્તિગત આત્મતત્ત્વ ત્રણે ગુણથી પર હોવાથી તેને જ 'અત્રિ' કહે છે. આમ શરીરમાં જ અત્રિ, અંગિરા અને ભૃગુ રહે છે. તે ત્રણે જ આપણને સાધનામાં પરમ-આત્માને શોધવામાં મદદરૂપ થાય છે, તેથી તેમને 'ઋષિ' કહે છે. ઋષ - એટલે શોધવું.

અવચેતન અને અચેતનને પણ પોતાનો પ્રકાશ છે પણ તે કૃષ્ણ પ્રકાશ છે, તેથી તેને સ્વર્ભાનુ કહે છે. પોતાના પ્રકાશ (સ્વઃ+ભા) થી પ્રકાશતા કહે છે.

સાધક જ્યારે સાધનાનો ચાંદની જેવો સૌમ્ય દિવ્ય-પ્રકાશ (સોમ) પોતાના સ્વરૂપમાં પથરાયેલો જોઈ તેનો આનંદ લૂટતો હોય છે ત્યારે જ અવચેતન અને અચેતનનો રાહુ (સ્વર્ભાનુ) અંતરાત્માના પ્રકાશને ગળી જાય છે અને અંતરાત્માને ઢાંકી દે છે. આ જ સોમપાનમાં સૂર્ય ઉપર થએલો સ્વર્ભાનુ રાક્ષસનો હુમલો. એવે વખતે તે અત્રિ સ્વરૂપ આત્મતત્ત્વ, ચૈત્યપુરુષ પોતે જ પોતામાં અભીપ્સાનો અગ્નિ ચેતવે તો તરત આ અવચેતનનો અવસાદ નષ્ટ થાય છે અને ફરી આત્મતત્ત્વ પોતાના પ્રકાશથી ઝળહળી ઊઠે છે.

આ આખ્યાન દ્વારા અવચેતનના હુમલાને કેવી રીતે મારી હઠાવવો તેની સાધનાકીય પદ્ધતિ આપણને જણાવેલ છે.

આપણી અભીપ્સાને તીવ્ર કરી આંતરિક પ્રકાશમાં ચેતનાને સ્થિર કરવી એ જ અવચેતનના હુમલાનો સાચો ઉપાય છે.

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

અતિમનસ યોગ માટેની આવશ્યકતાઓ

પ્રકરણ - ૬

(ખંડ-૨, પૃ.૪૬-૪૭)

સમજૂતી - માનસિંહ ચાવડા

શ્રીઅરવિન્દ : ઊર્ધ્વમાં રહેલ આત્મતત્ત્વ અને અહીં નીચેનું જીવન બન્ને વચ્ચે ખાઈ નિર્માણ થઈ ગઈ છે. ખરેખર જીવન એ આત્માની અભિવ્યક્તિનું ક્ષેત્ર છે. શરીર એ જીવનને ધારણ કરી રાખનાર પાયો છે. આત્મા અને શરીર વચ્ચે મન, પ્રાણ, ચિત્ત જેવા તત્ત્વો છે, પણ તે અવિકસિત છે. તેથી આત્મતત્ત્વ જીવનદ્વારા વિકૃત રીતે પ્રગટ થઈ રહ્યું છે. આ જ મૂળભૂત સમસ્યા છે તેથી જ દુઃખ, યાતના, રોગ, મૃત્યુ છે.

આ માટે જ અતિમનસ - યોગ છે. તે સમસ્યાનો ધરમૂળથી ઉકેલ લાવે છે, પણ આ યોગમાં બે વસ્તુ અનિવાર્ય છે. સમતુલા અને ભૌતિક જીવન ઉપરની મજબૂત પકડ. સમતુલા એટલે આપણા સ્વરૂપમાંનાં બધાં તત્ત્વો વચ્ચે પૂર્ણ વ્યવસ્થા અને સામંજસ્ય - સુસંવાદ. તે એક શાંત મજબૂત સ્થિર અવસ્થા બનવી જોઈએ, તેથી ઊર્ધ્વમાંથી આવતી શક્તિઓ અને તેની અનુભૂતિઓને આપણે સારી રીતે ઝીલી શકીએ. મજબૂત પાર્થિવ આધાર હોય તો તેના સત્યને જીવનમાં અવિકૃત રીતે લાવી શકીએ.

ભારતમાં માનવનો માનસિક - વિકાસ બરાબર થયો નથી. ચૈતસિક વિકાસ થએલો છે, તેથી જ અધ્યાત્મમાં અનેક અંધશ્રદ્ધાઓ વારંવાર નિર્માણ થાય છે. આપણે આંધળો વિશ્વાસ રાખીએ છીએ, તેથી આ યોગ કોઈને આપતા મારે અચકાવું પડે છે.

યુરોપમાં આથી ઊંધું : માનસિક - વિકાસ સારો છે પણ ચૈતસિક - વિકાસ બહુ જ ઓછો છે.

આદર્શ સ્થિતિ એ છે કે ચૈતસિક અને માનસિક - વિકાસ સુસંબંદ્ધ રીતે સમતુલામાં વિકસવા જોઈએ. તે માટે વિજ્ઞાન દ્વારા તર્કશક્તિ અને શારીરિક મન

મજબૂત બને છે, કલા સૌંદર્યની સાચી દૃષ્ટિ ચિત્તનો વિકાસ કરે છે. તત્ત્વચિંતન શુદ્ધ વિચારશક્તિને ખીલવે છે. રાજકારણ સામૂહિક જીવનને અને વ્યવહારુ ભૂમિકાને કસે છે. બધાંનો એકાંગી વિકાસ વિકૃતિઓ સર્જે છે, તેથી તેમનો વિવેકપૂર્ણ સમતુલા સાથે વિકાસ કરીએ તો તે આપણા યોગને ઉપયોગી નીવડે છે.

આને કારણે સાધના દરમિયાન કઈ શક્તિ આપણામાં અવતરણ કરે છે તેનું યોગ્ય જ્ઞાન અને સમજણ મળે છે. આ સિવાય આ બધાં તત્ત્વોને કર્મયોગ અને ભક્તિયોગ દ્વારા પ્રભુ માટે કાર્ય કરવાની ભાવનાથી શુદ્ધ પણ કરવા પડે જ છે. આ બધી જ આપણા યોગ માટેની પૂર્વ તૈયારીરૂપ આવશ્યકતાઓ છે.

આપણા યોગમાં ગુરુ બધું જ કરી આપે છે એવું માનવામાં આવતું નથી. ગુરુ માર્ગદર્શક હોય છે. તે સાધનામાંના અવરોધોને કેવી રીતે નિવારવા તે સમજાવી શકે છે. ઘણી વખત પોતાની યોગ-શક્તિથી તે અવરોધો હટાવી પણ શકે છે, પણ તે એક તાત્કાલિક-ઉપાય જેવી મદદ હોય છે. ગુરુએ જે કાર્ય તેની ચેતના ઉપર કર્યું હોય છે તેને ટકાવી રાખવાની જવાબદારી તેની હોય છે. ગુરુ સ્થાયીરૂપે ચેતનામાં પરિવર્તન લાવી શકતો નથી.

શિષ્ય : આપણી મુશ્કેલી આ જ છે. તેઓ સહેલો માર્ગ શોધે છે. થોડુંક મળે તેમાં સંતોષ માની લેતા હોય છે. નિષ્ક્રિયતાને તે સમર્પણભાવ સમજે છે.

શ્રી અરવિન્દ : આપણા લોકોને મહેનત કરવી, તપ કરવું ગમતું નથી. તેઓ કઠોર સાધના કરવા ઇચ્છતા નથી. તેમનું સમર્પણ તામસી અને જડ હોય છે. દા.ત. એક્ષને એક વખત પોતાના મસ્તકની ઉપર માતાજીના સુવર્ણમય રૂપનાં દર્શન થયાં. તેને કારણે તેમાં મહાન શાંતિનું અવતરણ થયું. તેણે ખરેખર આ અનુભૂતિનું સતત પુનરાવર્તન કરીને સ્થાયી મહાન-શાંતિને પ્રાપ્ત કરી લેવાની હતી. તે શાંતિ દ્વારા પોતાની પ્રકૃતિને શુદ્ધ કરવાની હતી. તેને બદલે તે પોતાની અનુભૂતિ બધાંને કહેતો ફર્યો. તેને લાગ્યું : માતાજીની કૃપાથી હવે તે પરમ-શાંતિમાં આજીવન રહી શકશે. ખરેખર તેણે વિચાર કરવો જોતો હતો કે આ અનુભૂતિથી મારે શું શીખવું ? આગળ કેવી રીતે યોગ કરવો ? પણ તેની જડતાએ તેણે કાંઈ કર્યું નહીં. તેથી તે અનુભૂતિ તેણે ગુમાવી દીધી. તે પહેલાંની જેમ જ સામાન્ય ચેતનામાં આવી પડ્યો.

સ્થાયી પરિવર્તન માટે યોગમાં આગળ વધવા માટે સદા જાગૃત, તત્પર અને ઉત્સાહી ક્રિયાશીલ સાધક હોવો જરૂરી છે.

આ બધી અતિમનસ યોગ માટેની આવશ્યકતાઓ છે.

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

Aphorisms

(માતૃવાણી ભા-૧૦, પૃ.૧૨-૧૩)   પ્રકરણ-૪

પ્રભુનું વિનમ્ર કરણ

સમજૂતી - માનસિંહ ચાવડા

હું જ્ઞાની નથી, કેમ કે પ્રભુ મને પોતાના કામ માટે જે જ્ઞાન આપે છે તે સિવાય મારી પાસે બીજું કોઈ જ્ઞાન નથી. હું જે જોઉં છું તે બુદ્ધિ છે કે મૂર્ખતા છે તે હું કેવી રીતે જાણવાનો છું ? ખરી રીતે એ વસ્તુ આ બેમાંથી એકે નથી, કારણ કે જે વસ્તુ દેખાઈ રહી છે તે નરી સાચી વસ્તુ છે. એ નથી મૂર્ખતા કે નથી બુદ્ધિ. (૪)

****

જ્ઞાનમાર્ગી લોકો બુદ્ધિથી બધી વસ્તુ સમજતાં - સમજતાં અંતે બુદ્ધિથી પર જે આત્મતત્ત્વ છે (યો બુદ્ધે પર તસ્તુ સઃ) તેને ઓળખી તેની સાથે એકરૂપ થઈને પ્રકૃતિની પેલેપાર ચાલ્યા જાય છે અથવા દૃષ્ટામાત્ર બની જીવન જીવે છે. શ્રી અરવિન્દ જણાવે છે કે પોતે આવા જ્ઞાની નથી, જ્ઞાનમાર્ગના સાધક નથી.

શ્રી અરવિન્દ પોતાને પ્રભુનું એક વિનમ્ર સાધન બની જવાની ખેવના રાખે છે. પોતે આંતરિક રીતે એક વિનમ્ર નિરહંકારી, ધ્યાનરૂપ ગ્રહણશીલતામાં પોતાને રાખીને બેઠા છે. જ્યારે જે કામ માટે પ્રભુને તેમના સ્વરૂપને સાધન તરીકે વાપરવાની જરૂર પડે છે કે તરત પ્રભુ જ તેમને જોઈતું જ્ઞાન આપી દે છે. તે અનુસાર તે કાર્ય પતી જાય છે.

તે વખતે શ્રી અરવિન્દના ચિત્તમાં પેલી પ્રજ્ઞાશક્તિનો એક પ્રવાહ આવીને મળે છે અને તે જરૂરી જ્ઞાન આપી વિદાય લે છે. ફરી પેલો સમર્પિતભાવ સ્વરૂપ એકાગ્રતા સ્થિર થઈ જાય છે. પ્રભુને જણાવવાનું છે તે જાણવા મળે છે, જે જોવાનું નક્કી કરે છે તે જોવા મળે છે. આ એક પરાકોટિની સમર્પિત કક્ષા છે. પ્રભુ તેમની દ્વારા જગતમાં કાર્ય કરતાં હોય છે.

(પૃ.૩૭ ઉપર)

સંર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૮૦-૮૫)

અવતરણો

કલ્પનાશક્તિ અને વિશ્વાસ

1 Imagination is a power of formation... (It)... is a very powerful means of action. P.80

2 Coue was a doctor. He heated people with.... auto suggestion, which he called the true working of the imagination and what he defined as imagination was faith. P.80

3 The mind is a formative instrument. P.80

4 Their (people's) mental activity is almost always half-pessimistic and even half destructive. P.81

5 ..... A great part of the physical being, the most material part, is subconscient..... it has an obscure consciousness of its own. P.82

6 It is really faith in a mental form act both on the subliminal and sub-conscient. In the subliminal they set in action the powers of the inner being, its occult power to make thought, will or simple conscious force effective on body in the subconscient they silence or block the suggestions of death and illness. P.82

7 The illness runs its habitual course unless it is cut short by some strong counteracting force. P.83

8 Coue's method is not universal. In fact, it depends upon hypnotising the unconscious. P.83

9 In our Yoga, we have to grow more and more conscious, so that the subconscious also..... becomes wide awake. Besides the aim of our yoga is..... to change the entire consciousness..... even the physical. P.83

10 A mental resolution is not enough..... There are subtle reactions in your body which do not obey the mental resolution. P.84

11 A mental silence strong enough to prevent all outer vibrations from entering is indispensable. P.84

12 It (faith) must be an integral faith and it must be absolute. And it must be of the right kind. It (mental faith) must be completed and enforced by a vital and even a physical faith, a faith of the body. P.85

13 You must fix the faith in the very cells of the body. P.86

સમજૂતી - માનસિંહ ચાવડા

માનવને આપેલી કલ્પના-શક્તિ એ એક રચના કરનારી શક્તિ છે. તે ઘડતરો કાયમ પોતાની રચના અને પ્રકૃતિ અનુસાર કાર્ય કરતા હોવાથી, કલ્પનાશક્તિમાં પણ કાર્ય કરવાની ક્ષમતા છે એમ આપણે સમજવું જોઈએ.

ડૉ. કૂ લોકોને તેમની પોતાની જ કલ્પનાશક્તિથી રોગ મટી ગયો છે એવી કલ્પનાસૃષ્ટિ રચાવીને આત્મસૂચનથી તેમના રોગ મટાડતાં.

દુર્ભાગ્યે લોકો મનની આ રચનાત્મક-શક્તિનો ઉપયોગ શંકાકુશંકા અને ભય નીચે વિધ્વંશાત્મક રીતે કરીને પોતાના પગ ઉપર કુહોડો મારી લે છે. ભાગ્યે જ આપણે સુસંવાદમય, સુંદર, રચનાત્મક, આનંદદાયક કલ્પનાસૃષ્ટિ રચીએ છીએ.

માતાજી કલ્પનાશક્તિનો એક પરચો આપે છે. એક બેનના માથાના વાળ ઝપાટાબંધ ખરવા માંડ્યાં. ટાલ પડી જવાની નોબત આવી. તેણે રચાત્મક રીતે કલ્પનાશક્તિનો ઉપયોગ શરૂ કર્યો. પોતાના વાળ ખરતા બંધ થઈ ગયા છે એવા સપનાં જોવાનું શરૂ કર્યું. આશ્ચર્ય ! એક માસમાં વાળ તદ્દન ખરતા બંધ થઈ ગયા. તેણે બીજું સપનું રચ્યું. તેના વાળ મોટા, લાંબા, ચમકદાર, સુંવાળા બની રહ્યાં છે એવા સપનાં જોવાની શરૂઆત કરી. ફરી આશ્ચર્ય, તેના વાળ વધવા માંડ્યાં.

ડૉ. કૂની પદ્ધતિનું રહસ્ય નીચે મુજબનું છે : સમગ્ર શરીરનું સંચાલન લગભગ અવચેતનના પ્રભાવ નીચે જ ચાલતું હોય છે. આપણા શરીરની ચેતના ધૂંધળી અને યાંત્રિક સ્વરૂપની હોય છે. પણ તે પણ ચેતના જ હોવાથી બહારનાં પરિબળો તેની ઉપર પરિણામ કરે છે. તેમાં માનસિકશક્તિ (વિશેષતઃ કલ્પનાશક્તિ) પણ બાકાત નથી.

આ સ્વયંસૂચનો આપણા આંતર-સ્વરૂપો અને અવચેતન બન્ને કક્ષાએ પરિણામ કરતાં હોય છે. આંતરસ્વરૂપોની પોતાની શક્તિ અને ક્ષમતાઓ છે. સ્વયંસૂચનો તેમને સક્રિય કરી તંદુરસ્તી માટે પ્રયોજે છે. બીજી તરફ તે જ સ્વયં-સૂચનો અવચેતનમાંથી આવતા વિરોધી સૂચનોને નબળા પાડી નષ્ટ કરે છે. આ રીતે તેની મદદથી આપણે આરોગ્ય ફરી મેળવી શકીએ છીએ.

શરીરને અવચેતનનાં સૂચનો સ્વીકારવાની ટેવ પડી ગઈ છે, તેથી તે માંદગીનાં સૂચનો પણ સ્વીકારી લે છે. આ સૂચનોને વિરોધ ન થાય તો ટેવ મુજબ રોગ વધતો અને વકરતો જાય છે. પણ તેની સામે કલ્પનાશક્તિથી વિરોધી પ્રબળ

સૂચન મૂકતાં જ તેની ગતિ ભાંગી પડે છે. આ જ ડૉ.કૂની પદ્ધતિનું રહસ્ય છે.

પણ ડૉ. કૂની પદ્ધતિ સદા યશસ્વી જ થાય છે એમ કહી શકાતું નથી. ઘણા કેસમાં તે નિષ્ફળ ગએલી છે, કારણ તે પદ્ધતિ અવચેતનને જાણે સંમોહન નીચે લાવવાની પદ્ધતિ છે. પણ ઘણા લોકોનું અવચેતન એટલું મજબૂત હોય છે કે તે સંમોહિત થતું નથી અને તે પદ્ધતિ નિષ્ફળ જાય છે.

આપણા પૂર્ણયોગમાં આપણે વધારે ને વધારે સભાન બનવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ. તેને કારણે અંતે અવચેતન પણ વધારે ને વધારે સભાન બનતું જાય છે અને તે અવચેતન ન રહેતાં જાગૃત ચેતનાનો પ્રદેશ બની જાય છે. આમાં આપણી શારીરિક કે પાર્થિવ ચેતના પણ બાકાત રહેતી નથી. તે પણ પૂર્ણ સભાનતામાં રહેતા શીખે છે, તેથી તેની ઉપર આપણું વધુ સારું નિયંત્રણ આવી જાય છે.

તેથી ફક્ત મનોમય સંકલ્પ પૂરતો નથી. શરીરના સૂક્ષ્મ પ્રત્યાઘાતો, પ્રાણના આવેગો, મનના અંકુશમાં હોતા જ નથી. વળી મન પોતે જ પોતાના સંકલ્પને શંકાકુશંકાથી નબળો પાડી નાંખે છે. આ મનની નકારાત્મક ભૂમિકા તદ્દન બંધ કરવા નીરવ મનની જરૂર પડે છે, જે બહારનાં આંદોલનોથી તદ્દન નિર્લેપ રહી શકે છે. તેથી ફક્ત મનોમય સંકલ્પ યશ અપાવતો નથી. શ્રદ્ધા અને વિશ્વાસ મનોમય સંકલ્પ કરતાં વધુ સફળ થતાં દેખાય છે.

આપણી શ્રદ્ધા અને વિશ્વાસ સમગ્ર હોવો જરૂરી છે. સમગ્ર એટલે મનોમય સંકલ્પ સાથેનો હોવો જોઈએ, પ્રાણમય વિશ્વાસ સાથેનો હોવો જોઈએ અને શરીરના કોષોએ પણ સ્વીકારેલો હોવો જોઈએ. જ્યારે મન, પ્રાણ, શરીર ત્રણે વિશ્વાસમાં જોડાય છે ત્યારે તેને સર્વાંગી અથવા સમગ્રતાપૂર્ણ વિશ્વાસ કહી શકાય.

બીજું, તે વિશ્વાસ નિશંક, શંકાકુશંકાઓથી પર હોવો જોઈએ. તેના વિરુદ્ધના કોઈ પણ સૂચનો ન હોવાં જોઈએ અથવા નિષ્ફળ થવાં જોઈએ અર્થાત્ તે તદ્દન બિનવિરોધ હોવો જોઈએ. ત્રીજું, એ વિશ્વાસ આપણા માટે રચનાત્મક સ્વરૂપનો હોવો જોઈએ. નકારાત્મક કે વિધ્વંશાત્મક ન હોવો જોઈએ. જ્યારે આ ત્રણે શરતો પૂરી થાય છે ત્યારે તે શ્રદ્ધા કે વિશ્વાસ યશસ્વી, પરિણામકારક નીવડે છે. આવો વિશ્વાસ આપણા શરીરનાં કોષોમાં જાગવો જરૂરી છે.

આવો વિશ્વાસ નિર્માણ કરવો અઘરો છે પણ અશક્ય નથી. અવચેતનનાં નકારાત્મક સૂચનો તેમાં અવરોધો નિર્માણ કરે છે તેમને જીતવાં જરૂરી છે.



શ્રી અરવિંદ

ખુલ્લાપણાનો આરંભ

ભાવાનુવાદ

The darkness failed and slipped
From the reclining body of a god.
Then through the pallid rift that seemed at first.
Hardly enough for a trickle from the suns.
Out poured the revelation and the flame.

લસરતા વસ્ત્ર સમ તમસ ઢળ્યું,
જાણે ઢળતા બેસેલા દેવના તનથી,
નાનીસી તિરાડ જે માંહેથી વહે,
કદાચ ચૈત્ય-પ્રકાશનું કિરણ એક માત્ર,
પણ શું ધોધ છૂટ્યો અનુભૂતિ, પ્રકાશનો !

Savitri B-1, C-1, P--3

સમર્પણ - યોગ

પંખી પોતાના નીડ પ્રતિ, જાએ ઉત્સુક સવેગ,
કોણ ભરાવે મમ બાળને, એ ચિંતા ઉરમાં સહેજ.
તેમ મા મીરામ્બા તમ તણી, અમ વાટ જોતાં સહુ,
ધ્યાન ધરીએ સમૂહમાં, પણ મિલનની ભૂખ બહુ.
પ્રેમે ભરાવો અનુભૂતિ તણો, કોળિયો હૃદયની મ્હાંએ,
તેથી આ જડ-બાળની, પણ ભૂખ ભાંગી જાય.
બિલાડી-બચ્ચા તણો, અમ સમર્પણ યોગ,
પ્રેમે બોલાવતાં હર ક્ષણે, બાકી જ્ઞાનનો ન જોગ.
પણ હું આશ્વસ્ત ઘણો, ન સૂતો ભૂખ્યો ક્યાંય,
માત મમ આવી ભરાવતી, તેના જન્મદિને પણ, ભાઈ !

"That's why the Mother, Happy Birthday to you"

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

j Jtsb & Jt»tf bt;ahK yvK & Yt. 125.00 rJ'Nbt 800.00

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH